# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૯ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૨૫



## આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જેવી રીતે સહકારિતા સાથે ઘડો કરતો હોવા છતાં પણ કુંભાર કદી ઘડારૂપ થતો નથી. તેવી રીતે સહકારિતા સાથે કષાયાદિ કરવા છતાં પણ આ જીવ કદી કષાયાદિરૂપ થતો નથી. ૧૧૦ .

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક-૫૭-૫૮)

● જેવી રીતે કીચડ અને જળ બન્ને એકમેક થયેલા જેવા માલૂમ પડે છે પરંતુ શુદ્ધ જળ તરફ જ લક્ષ્ય કરતાં કીચડ લક્ષ્યગત થતો નથી, કારણ કે વાસ્તવમાં જળ કીચડથી ભિન્ન છે, તેવી રીતે જીવ પણ નવ તત્ત્વોમાં એકમેક જેવો માલૂમ પડે છે પરંતુ શુદ્ધ નવ તત્ત્વોથી વાસ્તવમાં ભિન્ન છે. ૧૧૧.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૧૬૬)

● "બંધ હો કે ન હો (અર્થાત્ બંધાવસ્થામાં કે મોક્ષાવસ્થામાં) સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ (અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે" એમ જિનદેવનું શુદ્ધ વચન બુધ પુરુષોને કહે છે. આ ભુવનવિદિતને (આ જગતપ્રસિદ્ધ સત્યને), હે ભવ્ય ! તું સદા જાણ. ૧૧૨.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર ટીકા, શ્લોક-૭૦:)

● જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે જ્યાં બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે તોપણ (તેમાં) પ્રતિષ્ઠા પામતા નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતાં નથી, ઉપર જ રહે છે. આ શુદ્ધસ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. એવા શુદ્ધ સ્વભાવનો, મોહરહિત થઈને જગત અનુભવ કરો; કારણ કે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી. ૧૧૩.

(શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, સમયસાર-ટીકા, કળશ-૧૧)

● જો કે 'શરીર-સુખ-દુઃખ-રાગ-દ્વેષસંયુક્ત જીવ' એમ કહેવાય છે તોપણ ચેતનદ્રવ્ય એવો જીવ તો શરીર નથી, જીવ તો મનુષ્ય નથી, જીવ ચેતનસ્વરૂપ ભિન્ન છે. ભાવાર્થ આમ છે કે આગમમાં ગુણસ્થાનોનું સ્વરૂપ કહ્યું છે ત્યાં 'દેવ જીવ, મનુષ્ય જીવ, રાગી જીવ, દ્વેષી જીવ' ઈત્યાદિ ઘણાં પ્રકારે કહ્યું છે, પણ તે સઘળુંય કહેવું વ્યવહારમાત્રથી છે; દ્રવ્યસ્વરૂપ જોતાં એવું કહેવું જૂઠું છે. ૧૧૪.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૪૦)

વર્ષ–૧૯
અંક–૧૨

વિ. સંવત
૨૦૮૧

August
A.D. 2025






**પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના**
**૧૧૨મા જન્મોત્સવ પ્રસંગે**
**મુમુક્ષુઓ સાથે થયેલ તત્ત્વચર્ચાના અમુક અંશો**

* પ્રશ્ન : પૂજ્ય માતાજી, આગમમાં કહેલ છે કે સમ્યક્ત્વના લક્ષણ તરીકે સાત તત્ત્વોના યથાર્થ શ્રદ્ધાનનું મહત્ત્વ આપ્યું છે, તો તેમાં આટલું બધું શું રહસ્ય છે તે કૃપા કરીને સમજાવશો કે જેથી અમને સમ્યક્ત્વની મહિમા જાગૃત થાય.

ઉત્તર : સાત તત્ત્વની શ્રદ્ધા આચાર્યદેવે—એમાં જીવ પદાર્થને મુખ્ય કહ્યો છે પણ એ સમજી શકે એવો એક આત્મપદાર્થ એટલે પણ એ વ્યવહાર પણ સાથે, વ્યવહારમાં સાત તત્ત્વોનું શ્રદ્ધાન એમાં મુખ્ય તો આત્મા તરફની દ્રવ્યદૃષ્ટિ કરવી, એમ આચાર્યદેવને કહેવું છે. ભૂતાર્થદૃષ્ટિને ગ્રહણ કર. પણ એવી સાત તત્ત્વની શ્રદ્ધા વચ્ચે હોય છે. આચાર્યદેવ વ્યવહારથી વાત કરે તો પણ અંદર આત્માને ગ્રહણ કરાવે એવો આશય હોય છે. એક આત્માને ગ્રહણ કર. ભૂતાર્થ તત્ત્વ એક છતો આત્મીય પદાર્થ છે એને જ ગ્રહણ કર. એની વચ્ચે આ બધા સાત તત્ત્વો—જીવ તત્ત્વ, અજીવ તત્ત્વ, આસ્રવ, સંવર, બંધ, મોક્ષ બધું જ થઈ જાય છે.

પુણ્ય, પાપ બધું તો સાધકદશા પ્રગટ કરવી છે તો એ વચ્ચે વિઘ્ન છે. વિઘ્ન નથી ? એ સંવર થાય, એમાંથી નિર્જરા થાય. વિશેષ શુદ્ધિ થાય તો નિર્જરા થાય અમુક (અંશે) શુદ્ધિ થાય તો તે સંવર થાય, તે પૂર્ણ શુદ્ધ થાય તો મોક્ષ થાય. આખી સાધકદશા એ જ સાધ્ય. એ જ આચાર્યદેવ બતાવી રહ્યા છે. ભૂતાર્થદૃષ્ટિથી ભૂતાર્થનયને મુખ્ય કર. એક મુખ્ય ચૈતન્ય દ્રવ્ય મુખ્ય કરીને એમાં જે આ પર્યાયો થાય છે એ એમાં આવી જાય છે. આચાર્યદેવ આપણને મુક્તિનો માર્ગ બતાવી રહ્યા છે. આચાર્યદેવ વ્યવહારથી આમ કહીને સમજાવે છે એક જીવ તત્ત્વને ગ્રહણ કરવાનું અને એ જે છે તેમ છે. જે છે એમ વ્યવહાર

એટલે વ્યવહાર તદ્દન નથી એમ નહીં. આચાર્યના એક એક શબ્દ હોય છે એ તત્ત્વ ગ્રહણ કરવાનું કહે છે. યથાર્થ યુક્તિ માર્ગ ગ્રહણ કરવાનું કહે છે. આચાર્યદેવ જે કહે છે એ વ્યવહાર તદ્દન ખોટો છે એમ નથી હોતો. આચાર્યદેવે જે સત્ય કહ્યું હોય તે સત્ય જ હોય છે માત્ર નિશ્ચયનયની અપેક્ષાએ છે કે વ્યવહારનયની અપેક્ષાએ છે. એ આત્મા જ પહેલાં સમજવાની જરૂર છે. આખો મુક્તિનો માર્ગ સમજાવ્યો છે આચાર્યદેવે. મુખ્ય આત્મા છે એને ગ્રહણ કર. જીવ તત્ત્વને ગ્રહણ કર પછી એમાં બધી પર્યાયો હોય છે એનું જ્ઞાન કર. મુખ્ય એક આત્માને ગ્રહણ કર તો યથાર્થ તારી સાધના થાશે. માટે યથાર્થ જ્ઞાન કર અને દૃષ્ટિ એ મુખ્ય જીવ દ્રવ્ય ઉપર કર એમ કહેવાનો આશય છે. ૧

*** પ્રશ્ન : સમ્યગ્દર્શન પ્રગટ હુઆ તો શ્રદ્ધા ગુણ નિર્મલ હુઆ, બાકી ગુણોંમેં અશુદ્ધતા હૈ?**

ઉત્તર : 'સર્વ ગુણાંશ તે સમ્યગ્દર્શન'. શ્રદ્ધા ગુણ પ્રગટ હુઆ, તો ઉસમેં સમ્યક્દર્શન હુઆ. ઉસકે સાથમેં જ્ઞાન, ચારિત્ર સબ પ્રગટ હુઆ, જ્ઞાન સમ્યક્રૂપ પરિણમન હુઆ. ચારિત્ર જે અમુક અંશે ચારિત્ર– સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ હુઆ. જો દિશા પર તરફ થી, વહ પરસન્મુખ થા, દૃષ્ટિ પરસન્મુખ થી, વહ સ્વસન્મુખ આવી. વહાં પ્રત્યેક ગુણ જો યથાયોગ્ય નિર્મલ હોને યોગ્ય થે વે સબ નિર્મલ હો ગયે. વહ એક ઓર તદ્દન અશુદ્ધતા ઔર એક ઓર શુદ્ધતા, ઐસા દ્રવ્યમેં ખંડ નહીં પડતા. દ્રવ્ય તો અખંડ હૈ. ઈસલિયે એક સમ્યક્દર્શન ગુણ પ્રગટ હુઆ ઈસકે સાથ ઉસકી દિશા પલટ ગઈ તો સબકુછ નિર્મલ હો ગયા. જો અશુદ્ધ થા, સબ નિર્મલ હો ગયા. કિતને ગુણ હોતે હૈ વહ મલિન હોતે હી નહીં હૈ. જો મલિન હોતા હૈ, સબ અંશ-અંશ નિર્મળ હુઆ. પૂર્ણ નિર્મળ તો કેવળજ્ઞાન હોગા તબ હોગા. ૨

*** પ્રશ્ન : અનાદિના મિથ્યાદૃષ્ટિ છે એને રાગનો જ સ્વભાવ વર્તે છે. જ્ઞાયકનું જ્ઞાન વર્તતું નથી તો એને કેમ કરવું?**

ઉત્તર : પ્રયત્ન કરીને જાણવું જોઈએ. રાગનું જ્ઞાન એનાથી છૂટ્ટો પડીને પોતે પુરુષાર્થ કરે, પોતે જ સ્વસન્મુખ પોતાની દિશા વાળવી જોઈએ. અનાદિનો જે અભ્યાસ છે એમાં ચાલ્યો જાય છે. અંતરમાં જોતો નથી એટલે એકલું રાગનું જ્ઞાન વર્તે છે. સ્વ તરફ પોતે ઉપયોગ કરીને સ્વ તરફ વળવું જોઈએ તો જણાય. દિશા ફેરવવી જોઈએ. પલટો કરવો જોઈએ તો જણાય. દિશા ફેરવતો નથી. એકને એક દિશામાં ચાલ્યો જાય છે તેનો પલટો કરવો જોઈએ. એક દિશામાંથી ચાલેલો માણસ એક ઊંધી દિશામાં ચાલ્યો જાય છે. પલટો કરે તો પોતે સ્વ બીજી દિશામાં વળી શકે છે. ગુરુદેવે તો ઘણું બતાવ્યું. કઈ દિશા? કઈ તરફ વળવું એ બતાવ્યું. પણ વળવું પોતાના હાથની વાત છે. ૩.

✻ પ્રશ્ન : શ્રદ્ધા થવી એ જૈન દર્શનની પરાકાષ્ઠા છે તો પણ આચાર્ય ભગવાને જ્યાં સુધી ભેદવિજ્ઞાન ન થાય ત્યાં સુધી આત્માને રાગાદિભાવોનું કર્તાપણું માનવું. એમ ફરમાવ્યું છે તો દૃષ્ટિ અને જ્ઞાન એ બંનેનો વિષય ભિન્ન–ભિન્ન થાય તો અમારે કઈ રીતે શ્રદ્ધા કરવી?

ઉત્તર : દૃષ્ટિ ને જ્ઞાનનો વિષય ભિન્ન-ભિન્ન નથી. આત્મા અકર્તા. પરનો અકર્તા છે, સ્વભાવનો કર્તા છે પર-રાગાદિનો અકર્તા ઈ. જ્યારે એને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય ત્યારે ઈ રાગાદિનો અકર્તા છે, પણ અસ્થિરતા રહે છે તે એને જાણવા યોગ્ય છે. એ કર્તા, એને સ્વામીત્વબુદ્ધિ નથી, એ કર્તા નથી પરદ્રવ્યનો કર્તા નથી. પણ એ અજ્ઞાન અવસ્થાએ ઈ કર્તાબુદ્ધિ એણે માની છે. વાસ્તવિક રીતે ઈ પરપદાર્થનો કર્તા નથી. રાગાદિનો કર્તા ઈ દ્રવ્યદૃષ્ટિએ નથી, પણ ઈ રાગાદિનો કર્તા અજ્ઞાન અવસ્થાએ છે. માટે દૃષ્ટિ અપેક્ષાએ એ કર્તા નથી. પણ જ્ઞાનમાં જાણવું. જ્ઞાન બેયનો વિષય કરે છે. જ્ઞાન દ્રવ્યને પણ જાણે છે અને જ્ઞાન પર્યાયને પણ જાણે છે. બેયનો વિષય જ્ઞાન કરે છે જ્ઞાન બેય નયોને જાણે છે. બેય પડખાને જાણે છે. ૪.

✻ પ્રશ્ન : જ્ઞાયક, જ્ઞાયકને ઓળખવાનો પ્રયત્ન કરે છે કે ‘આ જાણનાર તે હું’ પણ એની સાથે સાથે હું પરિપૂર્ણ જ્ઞાન, પરિપૂર્ણ આનંદ એ વર્તમાનમાં હું પૂર્ણ છું એ જ્યાં સુધી એને ભાવમાં ન આવે ત્યાં સુધી ખરેખર ભેદજ્ઞાન થઈ શકે નહીં?

ઉત્તર : ‘હું જ્ઞાયક છું’ એમ એને પરિપૂર્ણ ઈ એને ખ્યાલમાં આવે. સ્વભાવ પૂર્ણ છે પણ પર્યાય નથી પ્રગટ થઈ. સ્વભાવ પૂર્ણ છે. એને ખ્યાલમાં રહી જાય છે કે. ‘હું સ્વભાવે પૂર્ણ છું, કોઈ અંશ કે કોઈ પણ મારામાંથી નાશ નથી થયો. હું સ્વભાવથી પૂર્ણ છું એવો ખ્યાલ રહે છે. ‘હું પરિપૂર્ણ સ્વભાવે, હું ગુણોથી ભરેલો.’ પણ એ ગુણો પ્રગટ નથી. અનંત ગુણ એને ખ્યાલમાં નથી આવ્યા પણ એની મહિમા કરતાં—એની મહિમા અંદરમાં આવવી જોઈએ. એમ મહિમા અને ‘હું પૂર્ણ સ્વરૂપ છું, હું પૂર્ણ છું.’ એને ખ્યાલ આવે, એવી જાતની એક પ્રતીત થાય અને પૂર્ણતા પ્રગટ પછી થાય છે. પણ એ પ્રતીતિ જ્ઞાયક તરફની, આવી પ્રતીતિ હોવી જોઈએ, એ લક્ષણથી એક જ્ઞાયકને ઓળખ્યો એ જ્ઞાયકની અંદર પૂર્ણતા અને એની મહિમા અનંતતાથી ભરપૂર. એ બધું સાથે આવી જાય છે. એને વિકલ્પ નથી રહેતો, બધું સાથે આવી જાય છે. ૫.

✻ પ્રશ્ન : સચ્ચા પુરુષાર્થ હોના ચાહિયે ?

ઉત્તર : સ્થિરતાકે લિયે તો વારંવાર જ્ઞાયકકી ધારાકી ઉગ્રતા કરે. જ્ઞાતાધારાકી ઉગ્રતા કરે તો સ્થિરતા હોવે. પીછે યે તો વિશેષ સ્થિરતાસે ઉસકી ભૂમિકા ભી પલટ જાતી હે. ચૌથા ગુણસ્થાનમેં જો સ્થિરતા હોતી હે ઉસસે પંચમ ગુણસ્થાનમેં વિશેષ સ્થિરતા હોતી

હૈ તો એને ઉસસે વિશેષ છઠ્ઠે-સાતમે હોતી હૈ. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઉસસે વિશેષ અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તમેં આત્મામેં ઉપયોગ સ્થિર હો જાતા હૈ, અંતર્મુહૂર્તમેં બહાર જાય, અંતર્મુહૂર્ત અંદર જાય, અંતર્મુહૂર્તમેં બહાર આવે તો અંતઃર્મુહૂર્ત—અંતર્મુહૂર્ત ઉપયોગ સ્થિર હો જાતા હૈ છઠ્ઠે-સાતમે ગુણસ્થાનમેં. ઈસકા પુરુષાર્થ ક્યા? જ્ઞાતાધારાકી ઉગ્રતા તો ભૂમિકા પલટ જાતી હૈ. વિશેષ સ્થિરતા હોતી હૈ તો ચૌથા ગુણસ્થાનમેં અમુક તરહકી સ્થિરતા હોતી હૈ. ૬.

✻ પ્રશ્ન : સંસારમાં રહીને પણ આત્માની સ્વાનુભૂતિ કેમ કરવી ?

ઉત્તર : સંસારમાં રહીને આત્માની સ્વાનુભૂતિ—એ અંશે મુક્તિ થઈ શકે સંસારમાં રહીને. પછી સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે તો ઈ એને બહારથી પણ ત્યાગ આવી જાય છે. સંસારમાં રહીને પૂર્ણ મોક્ષ નથી થતો પણ આત્માને ઓળખી શકે છે. આત્માની સ્વાનુભૂતિ થાય છે. આત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, એટલે સુધી થાય છે. ભવનો અભાવ થાય છે. સિદ્ધ ભગવાન જેવી અનુભૂતિ અંશે થાય છે, પણ એને મોક્ષ—પૂર્ણ મોક્ષ-કેવળજ્ઞાન નથી થતું. બહારથી બધું ત્યાગ થઈ જાય છે. મુનિ થઈ જાય છે, ત્યારે પૂર્ણ મોક્ષ થાય છે. દરેક પ્રસંગમાં પરિણતિ—શુદ્ધ પરિણતિ—જ્ઞાયકની પરિણતિ ચાલુ જ છે. જ્ઞાયકને ભૂલતો નથી. ૭.

✻ પ્રશ્ન : સામાન્ય ઉપર દૃષ્ટિ અને ભેદજ્ઞાનમાં શો તફાવત છે ? એ કૃપા કરીને સમજાવો.

ઉત્તર : જેની સામાન્ય ઉપર દૃષ્ટિ ગઈ કે હું સામાન્ય એક વસ્તુ-એમાં ભેદ પર દૃષ્ટિ નથી. દૃષ્ટિ તો એક અખંડ દ્રવ્ય ઉપર છે. પોતાના અસ્તિત્વ જ્ઞાયક ઉપર દૃષ્ટિ છે, પણ ઈ દૃષ્ટિની સાથે ભેદજ્ઞાન હોય છે. દૃષ્ટિ અને જ્ઞાન-બેય સાથે હોય છે. એક સામાન્ય પર દૃષ્ટિ અને વિભાવથી જુદો પડે. પોતામાં જ્યાં દૃષ્ટિ ગઈ, તો વિભાવથી જુદો પડે છે. બેય સાથે જ રહે છે. પોતે સામાન્યને ગ્રહણ કરે અને અસ્તિત્વને ગ્રહણ કરે ત્યાં બીજેથી નાસ્તિ એમાં ભેગી આવી જાય છે. પોતાને ગ્રહણ કર્યું એટલે ‘હું વિભાવથી જુદો છું’—એમ ભેગું આવી જાય છે. દૃષ્ટિ કાંઈ ભેદ નથી પાડતી પણ જ્ઞાન બધું જાણે છે. જ્ઞાનમાં બધું આવી જાય છે. ‘હું આ વિભાવથી જુદો અને આ મારું ચૈતન્યનું અસ્તિત્વ જુદું છે’—એમ દૃષ્ટિ ને જ્ઞાન બેય સાથે જ હોય છે. દૃષ્ટિ એક સામાન્યને ગ્રહણ કરે છે, જ્ઞાન બેયને ગ્રહણ કરી લે છે. બેય સાથે ને સાથે હોય છે જેની દૃષ્ટિ સમ્યક્ થઈ, એનું જ્ઞાન સમ્યક્ થયું. બેય સાથે રહે છે. ૮.

✻ પ્રશ્ન : જ્ઞાનમાં જાણ્યું તે દ્રવ્યને જ દૃષ્ટિ મુખ્ય કરે છે?

● ઉત્તર : એને જ દૃષ્ટિ સ્થિર કરે છે કે આ જ્ઞાનમાં જાણ્યું પછી એક દૃષ્ટિ પ્રતીતમાં

એક સ્થિર કરે છે કે આ જ વસ્તુ છે. એના ઉપર સ્થિર થઈને દૃષ્ટિને એના ઉપર થંભાવીને આગળ જાય છે. વસ્તુ આ છે એના ઉપર દૃષ્ટિનું જોર આવે છે. એટલે એમાં બીજું બધું ગૌણ થાય છે. ભેદ...એ ચારે બાજુ નજર કર્યા કરે તો એમાં આગળ (ન જવાય.) એક ધ્યેય બાંધે કે—આ દૃષ્ટિએ એક દ્રવ્યને ગ્રહણ કર્યું. પછી એમાં શું શું બધું છે ને કેવી રીતે આગળ જવાય—એ જ્ઞાન જાણે છે. એ બેય સાથે હોવું જોઈએ. દૃષ્ટિને મુખ્ય એમાં કહેવામાં આવે છે કે જ્ઞાન જાણે, પણ એક વસ્તુને સ્થિર ન કરે. પ્રતીતમાં દૃઢતા ન લાવે કે આ એક વસ્તુ છે એ એને સાધવા એના ઉપર દૃષ્ટિ સ્થિર ન થાય તો આગળ જવાતું નથી. માટે દૃષ્ટિ મુખ્ય છે. પણ એમાં, જ્ઞાનમાં જો આ બધું જાણે નહીં કે આ વસ્તુ શું છે ? પર્યાય શું ? વિભાવ શું ? સાધકદશા શું ? ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શું ? ઈ જાણે નહીં તો આગળ જઈ શકાતું નથી. એક—એક દૃષ્ટિ સ્થિર થઈ હવે, એમ ને એમ ચલાઈ જશે. એમ ચલાતું નથી. વસ્તુ-માર્ગને જાણ્યા વગર ચારે બાજુથી આગળ જઈ શકાતું નથી. બીજા નિષેધ કરે એમાંથી એને નિષેધ કરે કે 'એક હું તો અનાદિનો, શુદ્ધાત્મા છું ને હવે એમાં કાંઈ જ નથી. બીજું હવે કાંઈ નથી કરવાનું'. ઈ એમ આગળ જઈ શકાતું નથી. જ્ઞાન વિભાવનો વિવેક, વિભાવ-સ્વભાવનો ન કરે તો આગળ જવાતું નથી. ૯.

**✻ પ્રશ્ન : અનુભવ કરવાનું કામ પ્રજ્ઞા જ કરે છે ?**

● ઉત્તર : પ્રજ્ઞા કરે છે. 'રાગ તે હું નથી. જ્ઞાન તે હું છું. આ જ્ઞાયક તે 'હું' છું. આ વિભાવ તે 'હું' નથી. આ પરદ્રવ્ય તે 'હું' નથી. આ મારો સ્વભાવ નથી, આ જે પર્યાય ક્ષણે ક્ષણે થાય એ અંશપૂરતો નથી 'હું' ત્રિકાળી છું. એ અંશ થાય છે એ ચૈતન્યની પર્યાય છે તો પણ 'અંશ જેટલો પણ હું નથી, શાશ્વતો છું', એ બધું જ્ઞાન વિવેક કરે છે. શ્રદ્ધા બળ આ જ 'હું' છું. શ્રદ્ધા સાથે જ હોય છે. ભેદજ્ઞાન કરીને અંદર શ્રદ્ધા, જ્ઞાનની સાથે અંદર લીનતા કરે છે એને સ્વાનુભૂતિ કહે છે. પણ એ બધું પ્રજ્ઞા-પ્રજ્ઞા જ કહેવાય છે. અભેદ અપેક્ષાએ બધું પ્રજ્ઞામાં આવી જાય છે. ૧૦.

**✻ પ્રશ્ન : જ્ઞાનધારા તો નિર્વિકલ્પપણે જ કામ કરે છે?**

● ઉત્તર : જેમ શ્રદ્ધા કામ કરે તેમ જ્ઞાનધારા પણ તરત કામ કરે. એને વિકલ્પ ઉઠાવવો નથી પડતો. જ્ઞાનધારા પણ નિર્વિકલ્પપણે કામ કરે છે. શ્રદ્ધા પણ એમ જ કામ કરે છે. નિર્વિકલ્પ એટલે સ્વાનુભૂતિની નિર્વિકલ્પતા નહીં, પણ આ એની પરિણતિ છે એ જાતની કે એને રાગનો વિકલ્પ કરી કરીને રહેવું પડે છે એવું નથી. જેમ એકત્વબુદ્ધિની પરિણતિ સહજ છે અને કંઈ વિકલ્પ કરીને રાખવી નથી પડતી. એ તો સહજ થઈ પડી છે અનાદિની. એકત્વ ને વિકલ્પ કરીને એને રાખવી નથી પડતી. એ તો વિકલ્પ જોડાયેલા છે એમ ને એમ રહે છે. જ્ઞાનધારા પણ એવી ને એવી સહજ થઈ જાય છે. એને વિકલ્પ

કરીને રાખવી નથી પડતી. એ પોતાનો સ્વભાવ છે એટલે એ તો સહજ જ છે. પણ પોતે એ સહજ પરિણમતો નથી એટલે સહજ થતી નથી. કર્તૃત્વબુદ્ધિનો રસ રહે છે. એટલે પોતે સહજ પરિણમતો નથી. એટલે એમાં જ્ઞાનધારા સહજ છે. જેવી એકત્વધારા જેમાંથી ભેદજ્ઞાનની ધારા થઈ તો ઓલી બાજુ ઉદય-ધારા અને જ્ઞાનધારા થઈ બેય ચાલુ છે. સહજ થઈ જાય છે. ૧૧.

**✻ પ્રશ્ન : જાણનારની પર્યાયને પણ કરવી નથી એમ કહે છે. એનો જાણનાર જ છું, એમ ને ?**

● ઉત્તર : જાણનારની પર્યાયનો પણ તું જાણનાર જ છો. એટલે એમાં 'વ્યવહાર નથી' એમ કહેવાનો આશય નથી પણ વસ્તુદૃષ્ટિ કરાવી છે. વસ્તુનું મૂળ સ્વરૂપ બતાવે છે. એટલે એ પર્યાયો આત્મામાં નથી એમ નથી. તે જાણવાની પર્યાય એમાં થાતી નથી એમ નથી. એ વ્યવહાર છે બધો. પણ દૃષ્ટિ તો મૂળ વસ્તુનું સ્વરૂપ બતાવે છે. જો એકલું એમ હોય તો પછી બંધના વિભાવભાવો હોય જ નહીં. તો એકલી મોક્ષની પર્યાય જ હોય. જો એમ હોય તો આ જાણવાનો સ્વભાવ જે દેખાય એ પણ એમાં જાણી શકે જ નહીં. જો જાણવાનો કોઈ ભાવ જ નથી તો એ બધી પર્યાયો છે જાણવાની. પણ દૃષ્ટિ તારા સ્વ તરફ કર, એમ કહેવું છે. સ્વ પર પ્રકાશક સ્વભાવ છે, પણ દૃષ્ટિ તારા દ્રવ્ય ઉપર કર એમ કહેવું છે. આચાર્યદેવ, ગુરુદેવ બધા એક જ કહે છે કે દૃષ્ટિ તું શુદ્ધાત્મા ઉપર કર. તે તારો સ્વભાવ છે. પર્યાયો એમાં થાય છે. સાધકદશા એમાં હોય છે. સ્વ પર પ્રકાશક તારો સ્વભાવ છે. પણ દૃષ્ટિ તું પર ઉપરથી ફેરવીને એક અખંડ જ્ઞાયક પારિણામિકભાવ ઉપર દૃષ્ટિ કર. પારિણામિકભાવ એટલે એક ભાવ ઉપર એમ નહીં, પણ એક અખંડ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર એમ કહેવું છે. ૧૨.

**✻ પ્રશ્ન : સત્સંગનું માહાત્મ્ય શું છે?**

● ઉત્તર : એ પોતે પ્રતીત—અંદરથી વિચાર કરે, નિર્ણય કરે, 'આ સ્વભાવ તે હું અને વિભાવ સ્વભાવ તે હું નથી.' એવું યથાર્થ જેમ બહારમાં પ્રતીત કરે એવું દૃઢ ચિંતન કરવું પડે. કોઈ નિર્ણય કરવો હોય તો કોઈ માણસની પરીક્ષા કરવી હોય તો જે વિચાર કરીને જેમ નક્કી કરે છે કે બહારની જરૂરિયાત જણાય કે આમાં આપણને લાભ છે તો આની દુકાન કેવી છે? આમાં લાભ છે? તો નક્કી કરે છે, પરીક્ષાથી. એમ પોતે પરીક્ષાથી નક્કી કરે કે આ મારો સ્વભાવ છે, વિભાવ મારો સ્વભાવ નથી, એમ યથાર્થ ઓળખાણ કરે, પ્રતીત કરે, તો પોતે ઠેઠ (આત્મા) સુધી પહોંચી શકાય છે. પોતે આત્મા જ છે અનંત શક્તિથી ભરેલો છે. ૧૩.



# પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ગાથા-૭૦, ૭૧ ના પ્રવચનમાંથી)

## શુભોપયોગનું ફળ ઇન્દ્રિય સુખ

ગાથા ૭૦માં આગળ કહેશે કે જે જીવ શુભ અને અશુભમાં ભેદ પાડે છે તે ઘોર સંસારમાં રખડે છે. શુભોપયોગ ધર્મનો ઘાતક જ છે એમ અહીં બતાવ્યું છે.

આત્મામાં દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિના ભાવ થાય તે શુભઉપયોગ છે તેથી ઈન્દ્રિય સુખ મળે છે પણ આત્મધર્મ થતો નથી.

જે જીવ પંચમહાવ્રત પાળે, દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા, ભક્તિ કરે તે મરીને જુગલીયા તિર્યંચ થાય, કોઈ મોટો રાજા થાય, શેઠીયો થાય, અથવા કોઈ દેવ થાય છે. શુભભાવથી બહારના પદાર્થોનો સંયોગ મળે છે પણ ધર્મ કે પારમાર્થિક સુખ થતું નથી અને તે પણ તેનું આયુષ્ય હોય તેટલો વખત સંયોગરૂપે રહે છે. જેમ શુભભાવ ક્ષણિક ને પલટતો છે તેમ તેના ફળરૂપે સામગ્રી પણ ક્ષણિક ને પલટતી મળે છે. આ ઉપરથી નક્કી થાય છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના શુભોપયોગનું ફળ સંસાર છે. આત્મધર્મ નથી.

### ઇન્દ્રિય સુખ તે દુઃખ જ છે.

ત્રિલોકનાથ તીર્થંકર પ્રભુના ઉપદેશમાં એમ નક્કી છે કે દેવો જે પુણ્યમાં ચઢિયાતા છે (ઓછા પુણ્યવાળા મનુષ્યાદિ આમાં આવી જાય છે) તેને સ્વાભાવિક એટલે આત્મસુખ નથી. તેઓ પણ પાંચ ઈન્દ્રિયમય શરીરની વેદનાથી દુઃખી થઈ રહ્યા છે, તેથી રમ્ય વિષયોમાં રમે છે.

દેવોને વૈક્રિયિક શરીર છે. તે શરીરમાં રોગ થાય નહિ, વૃદ્ધ થાય નહિ, છતાં પણ શરીરની વેદનાથી પીડિત છે. અપ્સરા નચાવે, વાજા વગડાવે વિમાનમાં બેસી ફરવા જાય—એમ પાંચ ઈન્દ્રિયના વિષયો જોવા, સાંભળવા વગેરેમાં તલ્લીન થઈને આકુળતા સેવી રહ્યા છે. જેમ કોઈ દુઃખી દુઃખથી કંટાળીને શિખર ઉપરથી ખીણમાં ભૂસકો મારે તેમ દેવો જુદા જુદા મનોજ્ઞ વિષયો તરફ દોડી રહ્યા છે, તે જ આકુળતા ને દુઃખ છે.

શ્રી અરનાથ સ્તુતિ

તુમ યમવિજયી લખ હો ઉદાસ,
નિજ કાર્ય કરન સમરથ ન તાસ. ૯૩

શ્રી સ્વયંભૂ-સ્તોત્ર

જ્યાં આવા સુંદર વૈક્રિયક શરીર ને પુણ્યની સામગ્રીના ઢગલા હોવા છતાં પણ દેવો દુ:ખી છે તો એથી ઓછા પુણ્યવાળા અજ્ઞાની મનુષ્યો કે જેમને ઔદારિક શરીર– જે ઘડીમાં સાજુ માંદુ થાય ને વૃદ્ધ થાય તેવું છે–ને સામગ્રી પણ પુણ્ય પ્રમાણે ઓછી છે તેઓ તો વિષયો મેળવવાની આકુળતાને લીધે દુ:ખી જ હોય.

સમ્યગ્દૃષ્ટિ ઈન્દ્રો ભગવાનની કાંતિના પૂંજને રત્ન સમાન નાના શરીરને હજારો આંખોથી, હજારો વખત જુઓ તોપણ તૃપ્તિ થાય નહિ. છતાં તે પુણ્યભાવ છે, તેનો આદર તેમને હોતો નથી, તેમની દૃષ્ટિ સ્વભાવ ઉપર જ છે. જ્યારે અજ્ઞાનીની દૃષ્ટિ શરીર ને પુણ્ય ઉપર છે. બેમાં મોટું અંતર છે. 'એકાંત સુખી મુનિ વીતરાગી' ધર્માત્મા ને મુનિઓ સુખી છે.

જે જીવ એકલો શુભોપયોગમાં લીન થઈ શુભને ધર્મ માને છે તેને ઈન્દ્રિયસુખ મળે છે એટલે કે દુ:ખી થાય છે. નિયમસારમાં કહ્યું છે કે પોતાનું ચૈતન્ય દ્રવ્ય તો અભેદ છે છતાં પણ જે જીવ જ્ઞાન, દર્શન વગેરે (ગુણગુણી)ના ભેદ પાડી શુભરાગમાં અટકે છે તે જીવની મુક્તિ થતી નથી. તેને ધર્મ થતો નથી ને તે જૈનદર્શન નથી. અભેદ અંતરસ્વભાવની રુચિ એ જ ધર્મ છે.

ઈન્દ્રિય સુખ તે દુ:ખ છે એમ નક્કી કરીને ઈન્દ્રિયસુખના સાધન પુણ્યને ઉત્પન્ન કરનાર શુભોપયોગ અને દુ:ખના સાધનભૂત પાપને ઉત્પન્ન કરનાર અશુભોપયોગ તે બંને સમાન છે એમ ૭૨મી ગાથામાં કહે છે.

મનુષ્યો, નારકના જીવો, તિર્યંચો અને દેવો બધાય શરીર સંબંધી દુ:ખને જ અનુભવે છે. તો શુદ્ધોપયોગથી વિરુદ્ધ અશુદ્ધોપયોગના બે ભેદ કેવી રીતે છે ? અર્થાત્ શુભ ને અશુભમાં કાંઈ ભેદ નથી. જેવી રીતે ૧૦૫ ડિગ્રી તાવ ને ૧૦૨ ડિગ્રી તાવ બંને તાવ જ છે તેમ શુભ અને અશુભ બંને અશુદ્ધના ભેદ હોવાથી તેમાં કાંઈ ભેદ નથી.

દેવોને પુણ્યના ફળરૂપે સામગ્રી હોવા છતાં વિશેષ સામગ્રી મેળવવી, હરવું, ફરવું વગેરે પ્રકારની આકુળતા સેવી શરીર સંબંધી દુ:ખી થઈ રહ્યા છે.

મનુષ્યને પણ પુણ્યના ફળરૂપે સામગ્રી હોવા છતાં શરીરની જુદી-જુદી સગવડ સાચવવાની અને તે માટે અનેક સાધનો મેળવવાની આકુળતા કરી શરીર સંબંધી દુ:ખી થઈ રહ્યા છે.

हे धीर! आपका रूप सार,
भूषण आयुध वसनादि टार;

તિર્યંચને આહાર, પાણી વખતસર ન મળે, ભાર સહન કરવા પડે—એમ પાપના ફળમાં પ્રતિકૂળ સંયોગોમાં આકુળતા કરી શરીર સંબંધી દુઃખી થઈ રહ્યા છે.

નારકીને અનાજ, પાણી બિલકુલ મળતા નથી, ગરમી, ઠંડી ઘણી સહન કરવી પડે છે. એમ પાપના ફળમાં પ્રતિકૂળ સંયોગોમાં આકુળતા કરી શરીર સંબંધી દુઃખી થઈ રહ્યા છે.

આમ ચારે ગતિના અજ્ઞાની જીવો અનુકૂળ ને પ્રતિકૂળ સંયોગોમાં દુઃખી થઈ રહ્યા છે, કારણ તેઓની દૃષ્ટિ દેહ ઉપર છે. દેહાતીત એવા આત્મસ્વભાવ ઉપર નથી. શુભ અને અશુભ બંનેના ફળમાં આકુળતા ને દુઃખ છે તેથી શુભ ને અશુભભાવ બંને એક જ જાત છે. તેમાં કાંઈ ફેર નથી.

જે જીવ એકલા શરીર સંબંધી, કુટુંબ સંબંધી અશુભભાવમાં રચ્યો-પચ્યો રહે છે તેની તો અહીં વાત નથી તે તો આ વાણી સાંભળવાને લાયક નથી. પણ જે જીવ અશુભની ભૂમિકા ઓળંગી ગયો છે ને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા કરે છે, વાંચન, શ્રવણ કરે છે તેવાને આચાર્ય ભગવાન કહે છે કે ''શુભાશુભનું ફળ આકુળતા છે માટે શુભને છોડી શુદ્ધ સ્વભાવનું લક્ષ કર.''

અહીં દેવ, રાજા, શેઠિયા બધા ભિખારા છે ને નારકીના જેવા જ દુઃખી છે એમ બતાવીને શુભ તે ધર્મનું કારણ નથી ને શુભ તે ધર્મને મદદગાર નથી એમ સમજાવે છે, તેથી શુભ અને અશુભ બંનેની જુદી વ્યવસ્થા ટકતી નથી એટલે કે બંને એક જ જાત છે.

અજ્ઞાની જીવો ચારે ગતિમાં પુણ્ય-પાપના ફળમાં શરીરસંબંધી દુઃખને જ અનુભવે છે, તેથી શુભથી સંસારમાં સુખ છે અને અશુભથી દુઃખ છે તે વાત રહેતી નથી. માટે જ્ઞાનતત્ત્વની અપેક્ષાએ બંને ભાવ જ્ઞાનથી વિરુદ્ધ છે. જ્ઞાન-સ્વભાવમાં પુણ્ય-પાપ નથી અને પુણ્ય-પાપમાં જ્ઞાનસ્વભાવ નથી.

આવી નિશ્ચયની વાણી સાંભળીને કોઈ જીવ સ્વચ્છંદી થઈને કહે કે શુભ અને અશુભ બંને બંધ છે તો અશુભ હોય તો શું વાંધો છે ? અમારે તો શ્રદ્ધાના વિષયની હાલ જરૂર છે. તમો અમને પહેલાં આસક્તિ છોડાવવાનો ઉપદેશ આપો છો તો તે તો શ્રદ્ધા થયા પછી આવે છે. હમણાં તો દૃષ્ટિના વિષયનું ઘોલન કરાવો ! તો કહે છે કે આવો

વિદ્યા દમ કરુણામય પ્રસાર,<br>
કહતા પ્રભુ દોષ રહિત અપાર. ૯૪

અજ્ઞાની જીવ નિશ્ચયની વાણી સાંભળ્યા પહેલાં પણ મિથ્યાત્વને પોષી જ રહ્યો હતો પણ સાંભળ્યા પછી–અશુભની રુચિથી તીવ્ર અશભભાવને પોષી રહ્યો છે. એટલે તે બમણા પાપને પોષી રહ્યો છે. ધર્મશ્રવણ વખતે જે જીવનો ઉપયોગ જ્ઞાનની વાણી તરફ નથી પણ સંસારના વિષયો તરફ છે તે પૂરો સ્વચ્છંદી છે. જિનેન્દ્ર ભગવાનની પ્રતિમા સામે બેઠો હોય ત્યારે વિષયના પરિણામની તીવ્રતા જે જીવ કરે છે તે મહાપાપી છે.

“ગુરુના વિનય વખતે અશુભ હોય તો શું વાંધો છે ? શુભ અને અશુભ બંને જ્ઞાનસ્વભાવ નથી એમ તો તમે પણ કહો છો.” આમ કહેનાર જીવને નિમિત્તનો પણ વિવેક નથી. વ્યવહાર વિનયનો પણ જેને વિવેક નથી તેને નિશ્ચયનો વિવેક ક્યાંથી આવે ? જેણે શુભ અને અશુભ નિમિત્તોના આંતરા પાડ્યા–નથી તે નિમિત્ત અને ઉપાદાનના આંતરા ક્યાંથી પાડી શકે ? જે જીવ અશુભથી ખસી શુભમાં આવતો નથી તે અશુભથી ખસી સીધો શુદ્ધમાં આવી શકે નહિ. તે જીવ શુભભાવને તેમ જ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને સમજતો નથી. જ્ઞાનીની અને તેની વાણીની અવહેલના કરી રહ્યો છે તે નરક-નિગોદનો કામી છે.

આત્મા જ્ઞાનપ્રકાશ છે ત્યાં ક્યાંક અંધારું ચાલે તેમ નથી. આંખ નાના તણખલાને રહેવા દેતી નથી. તેમ આ સત્ય ધર્મનો પંથ છે. પોપાબાઈનું રાજ્ય નથી, જરાપણ દોષ ચાલે તેમ નથી.

અજ્ઞાની જીવ ક્રમબદ્ધના નામે સ્વચ્છંદને પોષે છે, જે જીવ શુભની રુચિ કરે છે તેને પણ ક્રમબદ્ધનો નિર્ણય નથી તો પછી અશુભની રુચિ કરે છે તેને ક્રમબદ્ધનો નિર્ણય ક્યાંથી થાય ? તે તો ગાઢ મિથ્યાત્વ તથા પાપને પોષી રહ્યો છે. અનંત સંસારી છે. આવી રીતે મુમુક્ષુ જીવોએ જ્ઞાનીની વાણી એકાગ્ર ચિત્તે બહુ વિનયપૂર્વક સાંભળવી જોઈએ.

ગાથા ૭૨માં એમ કહ્યું કે શુભ અને અશુભના ફળમાં ચારે ગતિના અજ્ઞાની જીવો દુઃખી થઈ રહ્યા છે માટે પરમાર્થે શુભ અને અશુભ એવા બે ભેદ ઘટતા નથી. આ ગાથામાં શુભોપયોગના ફળરૂપે પુણ્યને સ્વીકારીને શુભોપયોગને નિંદે છે.

ઈન્દ્રોને પુણ્યના ફળરૂપે ઈન્દ્રાણીઓ, વિમાનો વગેરે સામગ્રી પ્રાપ્ત થાય છે. ચક્રવર્તીને ૯૬ કરોડ પાયદળ, રાણીઓ વગેરેની પ્રાપ્તિ થાય છે. અને તે પદાર્થો ભોગવતી વખતે સુખી જેવા દેખાય છે માટે પુણ્યકર્મ વિદ્યમાન છે એમ નક્કી થાય છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

તેરા વપુ ભામંડલ પ્રસાર,
હરતા સબ બાહર તમ અપાર;

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૪૧, ગાથા - ૩૭)

## ભગવાનમાં રાગ નથી, રાગમાં ભગવાન નથી

શ્રી ઈષ્ટોપદેશ શાસ્ત્રની આ ૩૭મી ગાથા ચાલે છે.

જેને સર્વ પરપદાર્થથી ભિન્ન સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા અનંત ગુણસંપન્ન પોતાના આત્માની દૃષ્ટિ અને અનુભવ થયો છે તે પોતાનું કાર્ય પોતાના અનંતગુણોથી થાય છે એમ જાણે છે તેથી કોઈ પરપદાર્થ મારું કાર્ય કરે છે એવું તે માનતો નથી.

અજ્ઞાની એમ માને છે કે મને જે રાગ થાય છે તે પર નિમિત્તથી થાય છે અને મારા નિમિત્તથી પરનું કાર્ય થાય છે એવી જેને પરાશ્રયદૃષ્ટિ છે તેને આત્મા સ્વતંત્ર છે અને પોતાના અનંત ગુણોથી તેનું કાર્ય થાય છે એ વાત તેની રુચિમાં આવતી નથી. પણ જેણે અંતર અનુભવ દ્વારા આત્માની પ્રતીતિ કરી છે તેને દૃઢ શ્રદ્ધા છે કે હું અનંત જ્ઞાન, આનંદ, સુખ, શાંતિ આદિ અનંત ગુણોનો ભંડાર છું અને મારું આનંદ આદિનું કાર્ય મારાથી જ થાય છે—આમ જાણતા હોવાથી જ્ઞાનીને પરમાં કદી સુખબુદ્ધિ થતી નથી અને પર પાસેથી કાર્ય કરાવવાની પરાધીન દૃષ્ટિ થતી નથી.

આમ ધર્મીને-યોગીને સંપત્તિમાં અર્થાત્ સ્વાનુભવરૂપ સંવેદનમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ ઝલકે છે. શ્રદ્ધામાં આત્મા ઝલકે છે અને સ્થિરતામાં આત્મા કેવો શાંતિમય છે તેની ઝલક આવી જાય છે. ધર્મી જ તેને કહેવાય કે જેણે પોતાના શુદ્ધ સ્વભાવરૂપ ધર્મના ધારક આત્માને શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતામાં અનુભવ્યો છે.

જ્યાં સુધી પોતાની વસ્તુનું સ્વરૂપ પ્રતીતિમાં અને વિશ્વાસમાં ન હતું ત્યાં સુધી તો મારું જ્ઞાન ઈન્દ્રિયોથી થાય છે, મારું સુખ અને આનંદ પરમાં છે અને મારા વીર્યની સ્ફુરણા પણ પરથી થાય છે એવી પરાશ્રિત દૃષ્ટિ હતી. હવે તે દૃષ્ટિ પલટાઈ જતાં હું પુણ્ય-પાપ સ્વરૂપ છું અને મારે પરનો આધાર છે, મારો વિકાસ પરને આધીન છે અને પર મારે આધીન છે એવી મિથ્યાબુદ્ધિનો નાશ થયો અને આત્મા અશુદ્ધરૂપે ભાસતો હતો તે હવે શુદ્ધરૂપે ભાસે છે-ઝલકે છે. હવે તે જ્ઞાતા-દૃષ્ટા થયો છે તેથી તેને મારું કાર્ય

તવ ધ્યાન તેજકા હૈ પ્રભાવ,
અંતર અજ્ઞાન હરૈ કુભાવ. ૯૫

પર કરે અને હું પરનું કાર્ય કરું એવી મિથ્યાબુદ્ધિ થતી નથી.

ધર્મીને જેમ જેમ શુદ્ધાત્મસ્વરૂપ પોતાના શ્રદ્ધા-જ્ઞાન અને અનુભવમાં ઝલકે છે તેમ તેમ વિના પ્રયત્ને-સહજ પ્રાપ્ત થયેલા રમણીય ઈન્દ્રિયવિષયો પણ મારા ભોગ્ય છે એવી બુદ્ધિ થતી નથી. શુદ્ધ જ્ઞાયક જેની દૃષ્ટિમાં આવ્યો તેને કોઈ પરપદાર્થ પોતાને ભોગવવા યોગ્ય ભાસતા નથી. શરીર, સ્ત્રી, કુટુંબ, દેવલોક, ઈન્દ્રાણી, મકાન, ઘરેણા, કપડાં આદિ મારે ભોગ્ય છે એવી બુદ્ધિ ધર્મીને થતી નથી. કેમ કે તેને પોતાનો આત્મા ભોગ્ય થઈ ગયો છે.

પરપદાર્થ તો ધર્મીને ભોગ્ય લાગતા નથી પણ પુણ્ય, પુણ્યના ફળ અને વર્તમાન શુભ વિકલ્પ પણ તેને પોતાના ભોગ્ય લાગતાં નથી. તેને ભોગ્ય પોતાના જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા આદિ ગુણો જ ભોગ્ય લાગે છે. તેથી બહારમાં પુણ્યયોગે સહજ મળેલા રમણીય ઈન્દ્રિય વિષયોમાં તેને ભોગ્યબુદ્ધિ થતી નથી. જેને પોતાના અનંત ગુણસ્વરૂપ સ્વભાવમાં ભોગ્યબુદ્ધિ થઈ તેને બહારમાં ભોગ્યબુદ્ધિ કેમ હોય ? ન જ હોય. એક મ્યાનમાં બે તલવાર કદી હોઈ શકતી નથી, તેમ આત્મામાં ભોગ્યબુદ્ધિ અને પરપદાર્થમાં પણ ભોગ્યબુદ્ધિ એ બંને સાથે ન હોઈ શકે.

સમ્યગ્દૃષ્ટિ ભલે ચક્રવર્તીપદમાં હો કે ઈન્દ્રપદમાં હો પણ ખરેખર તે સમ્યગ્દૃષ્ટિનું પદ નથી. સમ્યગ્દૃષ્ટિ તો નિજપદમાં નિવાસ કરે છે કે રાગમાં મારું પદ નથી. ચક્રવર્તીના સિંહાસનમાં મારું પદ નથી, કે ૯૬૦૦૦ રાણીના ભોગમાં પણ મારું પદ નથી. મારું પદ તો મારી પાસે મારા આત્મામાં છે. આવું અનુભવનારા જ્ઞાનીને જેમ અનુકૂળ ભોગો લલચાવી શકતા નથી તેમ પ્રતિકૂળતાના ગંજ આવી પડે તો તે જ્ઞાનીને દુઃખી કરી શકતા નથી.

શિષ્યના બે પ્રશ્નનો આ ઉત્તર ચાલી રહ્યો છે. શિષ્યનો પ્રશ્ન હતો કે જેને આત્માની સંવિત્તિ-વેદન પ્રગટ થાય તેને જાણવાનું લક્ષણ શું ? અને તેમાં ઉન્નત્તિ થઈ રહી છે તે કેમ જાણી શકાય ? તો કહે છે કે જેને નિજ આત્માની સંવિત્તિ-વેદન થાય છે તેને બહારના તુચ્છ ભોગો તો લલચાવી શકતા જ નથી પણ પુણ્યથી પ્રાપ્ત થયેલા રમણીય ભોગો પણ તેને લલચાવી શકતા નથી. આત્માનો એવો અલૌકિક અનુભવ થાય છે કે તેની પાસે બીજા કોઈ વિષયો તેને રુચિકર લાગતા નથી, પોતાના ભોગ્ય લાગતા નથી.

**સર્વજ્ઞ જ્યોતિસે જો પ્રકાશ,**
**તેરી મહિમાકા જો વિકાશ;**

શાંતિનાથ ભગવાન ચક્રવર્તી હતા, રાજમાં હતા અને ૯૬૦૦૦ રાણીના ભોગમાં હતા પણ જ્યારે વૈરાગ્ય થયો અને દીક્ષા લેવા નીકળ્યા ત્યારે રાણીઓ ઝંટીયા તાણીને રડે છે. શાંતિનાથ ભગવાન તેને કહે છે કે અરે સ્ત્રીઓ! અમને તમારા ભોગમાં રુચિ તો હતી જ નહિ પણ અસ્થિરતાનો રાગ હતો ત્યાં સુધી રોકાયા હતા પણ હવે તે રાગ પણ મરી ગયો છે, તે હવે ફરી જીવતો નહિ થાય.

અહીં કહે છે કે જ્ઞાનીની આ વાત બરાબર જ છે, કેમ કે દુનિયામાં પણ એવું જોવા મળે છે કે ઘણા સુખની પ્રાપ્તિ થઈ જતાં અલ્પ સુખ આપવાવાળા કારણો પ્રત્યે કોઈને આદર કે ગ્રાહ્યભાવ રહેતો નથી. ઘીમાં તળેલાં ખાજાં મળી જાય તો જુવારના રોટલા કોણ ખાય? ન જ ખાય. ચક્રવર્તીનું રાજ મળી જાય તો પછી બે ગાઉનું ખેતર મળતું હોય તેનો ભાવ કોણ પૂછે? શહેરમાં મોટું સરસ મકાન મળી જાય તો ગામડાંના નાના ધૂડિયા મકાનમાં કોણ રહે? તેમ જેને આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને વેદન થઈ જાય તે બહારના ભોગમાં રુચિ શું કામ કરે? ન જ કરે.

આ વાત શાસ્ત્રમાં બીજી જગ્યાએ પણ આવે છે કે જેનું મન સુખ-શાંતિમાં લીન છે તેને ભોજન આદિમાં પણ રુચિ થતી નથી. અરે! એક શાસ્ત્ર વાંચવામાં પણ જો રસ લાગી જાય તો ખાવું-પીવું આદિ કાંઈ રુચતું નથી. ૮૨ની સાલમાં અમને પહેલું જ મોક્ષમાર્ગપ્રકાશક વાંચવા મળી ગયું તો વાંચવામાં એટલો રસ આવતો કે બીજી કોઈ પ્રવૃત્તિ કરવી ગમતી ન હતી. સાદી હિન્દી ભાષામાં આવું વસ્તુનું સ્વરૂપ પ્રગટ કર્યું છે એમ મહિમા આવતો. શાસ્ત્ર વાંચવામાં પણ આટલો રસ આવે તો પછી આત્માના શ્રદ્ધા-જ્ઞાન અને અનુભવની આનંદની શું વાત કરવી? તેની પાસે બીજું શું રુચે? બીજા વિષયો તો ઊલટા ડખલરૂપ લાગે છે.

જ્ઞાનીની આવી દશા છે તેથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. તેમાં ભોગ કાંઈ નિર્જરાનો હેતુ નથી. જેટલો રાગ આવે છે તે તો બંધનું કારણ છે પણ દૃષ્ટિમાં તે ભોગ પ્રત્યે આદર નથી. દૃષ્ટિમાં ભોગો ઝેર જેવા લાગે છે. એ દૃષ્ટિના જોરથી ભોગને નિર્જરાનું કારણ કહી દીધું છે. (ક્રમશઃ) ❊

हे कौन सचेतन प्राणी नाथ,<br>
जो नमन करैं नहिं नाय माथ. ९६



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## મતિ–શ્રુતજ્ઞાન પરોક્ષ હોવા છતાં નિઃશંક છે સ્વાનુભવનું કાર્ય મતિ–શ્રુતજ્ઞાન વડે જ થાય છે

“એ સ્વાનુભવદશામાં આત્મા જાણવામાં આવે છે તે શ્રુતજ્ઞાન વડે જાણવામાં આવે છે; શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ છે, અને મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન પરોક્ષ કહેલ છે; તેથી અહીં આત્માનું જાણવું પ્રત્યક્ષરૂપ હોતું નથી. વળી અવધિ–મનઃપર્યયજ્ઞાનનો વિષય રૂપી પદાર્થો જ છે, તથા કેવળજ્ઞાન છદ્મસ્થ જીવોને હોય નહિ, તેથી અનુભવમાં અવધિ–મનઃપર્યય કે કેવળજ્ઞાન વડે આત્માનું જાણવું નથી. આ રીતે અહીં, આત્માને સારી રીતે સ્પષ્ટ જાણે છે તેમાં પારમાર્થિક પ્રત્યક્ષપણું તો સંભવતું નથી, તેમ જ જેમ નેત્રાદિ વડે (રૂપ વગેરે) જાણવામાં આવે છે તેમ એકદેશ નિર્મળતાપૂર્વક પણ આત્માના અસંખ્યાત પ્રદેશાદિક જાણવામાં આવતા નથી તેથી તેમાં સાંવ્યવહારિક–પ્રત્યક્ષપણું પણ સંભવતું નથી. અહીં તો આગમ–અનુમાનાદિ પરોક્ષજ્ઞાન વડે આત્માનો અનુભવ હોય છે.”

(મો. મા. પ્ર. પૃષ્ઠ ૩૪૭)

સાધકને આત્માનો સ્વાનુભવ મતિ–શ્રુતજ્ઞાન વડે થાય છે. તે સ્વાનુભવમાં અનંતગુણનો અભેદ ચૈતન્યપિંડ અને અતીન્દ્રિય આનંદનું વેદન તો સાક્ષાત્ થાય છે; તેમાં તેની અનંતશક્તિઓ અભેદપણે સ્વાદમાં આવી જતી હોવા છતાં, ભિન્ન ભિન્ન અનંતશક્તિઓ કે અસંખ્યપ્રદેશો મતિ–શ્રુતમાં સાક્ષાત્ દેખાતા નથી, તેથી તે જ્ઞાનને સાંવ્યવહારિક પ્રત્યક્ષ પણ કહેતા નથી, આત્માનું પારમાર્થિક પ્રત્યક્ષપણું તો કેવળજ્ઞાનમાં છે, છદ્મસ્થને તો તે જ્ઞાન નથી, છદ્મસ્થને કોઈને અવધિ–મનઃપર્યયજ્ઞાન હોય તે જો કે પ્રત્યક્ષ છે પણ તે તો માત્ર રૂપીવસ્તુને–પરવસ્તુને જાણવામાં જ પ્રત્યક્ષ છે, સ્વાનુભવનું કાર્ય તેમના વડે થતું નથી. સ્વાનુભવ તો મતિ–શ્રુતજ્ઞાન વડે જ થાય છે અને તે જ્ઞાન પરોક્ષ છે. આ જ્ઞાન પરોક્ષ છે તેથી કરીને કાંઈ તે શંકાશીલ નથી, આત્માના સ્વરૂપમાં તે નિઃશંક છે, સંદેહ વગરનું છે, વિપરીતતા વગરનું છે, ‘આમ હશે કે કેમ હશે!’ એવું અચોક્કસપણું તેનામાં નથી. બ્રહ્માંડ ફરે તોય એ ન ફરે—એવું દઢ એ સ્વાનુભવજ્ઞાન હોય છે. મતિ–શ્રુતજ્ઞાન પરોક્ષ હોવા છતાં સ્વાનુભવ વખતે તેની જે ખાસ વિશેષતા છે તે પછી બતાવશે. (પરોક્ષજ્ઞાનમાં સ્મૃતિ પ્રત્યભિ વગેરે જે પાંચ ભેદ કહ્યા હતા તે આત્માને જાણવામાં કયા પ્રકારે કામ કરે છે તે બતાવે છે :) (ક્રમશઃ) ❊



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)
પ્રવચન સાતમું (ભાદરવા સુદ ૩ સોમવાર)

આત્માનો સર્વજ્ઞ વીતરાગસ્વભાવ જેને પ્રગટ્યો છે એવા ભગવાન અરિહંતદેવના ભક્ત કેવા હોય તેનો અધિકાર છે. સવારે સમયસારજી વંચાય છે તેમાં તો નિશ્ચયભક્તિની એટલે કે પોતાના શુદ્ધ સ્વરૂપની ભક્તિની વાત છે અને અત્યારે આ સત્તાસ્વરૂપમાં વ્યવહારભક્તિ એટલે કે સર્વજ્ઞદેવની ભક્તિની વાત છે. જેમ બીજાઓને તેઓના માનેલા કુદેવાદિ માટે પ્રેમ હોય છે તેમ તેના કરતાં વિશેષ પ્રેમ સાચા દેવ-ગુરુ પ્રત્યે જે જીવને હોય અને સુદેવાદિને માટે તન-મન-ધન હર્ષ અને ઉમંગથી લગાવે ત્યારે તો તે દેવ-ગુરુની પ્રીતિવાળો કહેવાય, એટલે કે જિનદેવનો વ્યવહારે ભક્ત કહેવાય. સર્વજ્ઞ ભગવાનનો, સાચા ગુરુનો તથા શાસ્ત્રનો ભક્ત થતાં તન-મન-ધન-વચન-જ્ઞાન વગેરેથી તેમાં જ તે વર્તે છે. હજી અહીં સુધી આત્માની શ્રદ્ધા થઈ નથી, પણ સાચા નિમિત્તો એવા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા થઈ છે. પ્રથમ સાચા દેવ-ગુરુને ઓળખીને તેને માટે તન-મન-ધનની અર્પણતા કરે અને કુદેવ-કુગુરુમાં પ્રવર્તે નહીં ત્યારે ગૃહીત મિથ્યાત્વ છૂટે છે અને જ્યારે દેવ-ગુરુ પ્રત્યેનો રાગ પણ મારું સ્વરૂપ નથી એમ આત્માની શુદ્ધ શ્રદ્ધા કરે ત્યારે અનાદિનું અગૃહીત મિથ્યાત્વ છૂટે.

જિનદેવના ભક્ત હોય તે અન્ય કુદેવાદિને માનતા નથી. અભાવને સાધે પણ મિથ્યા સદ્‌ભાવને સાધે નહિ, તેને અનુમોદે નહીં અને તેને મદદરૂપ ન બને. અમૃતની ગેરહાજરીમાં ઝેરને ન સાધે એટલે કે સાક્ષાત્ જિનદેવ અરિહંત પરમાત્માની ગેરહાજરીમાં બીજા કુદેવમાં ‘આ દેવ હશે’ એવી દેવપણાની કલ્પના મનમાં પણ જિનદેવના ભક્ત ન થવા દે.

પ્રશ્ન :—સાચા દેવને જોયા વિના શી રીતે નક્કી કરે?

ઉત્તર :—જેમ કોઈ માણસ બંધ મકાનમાં વીણા વગાડતો હોય, તે માણસ નજરે ન દેખાય છતાં બહારનો માણસ તેની વીણા વગાડવાની ચતુરાઈ, ઢબ, અવાજ વગેરે ઉપરથી, તે પુરુષને નજરે જોયા વિના પણ, તેની કળા વગેરેનો નિર્ણય કરી લે છે.

તુમ વચનામૃત તત્ત્વ પ્રકાશ;
સબ ભાષામય હોતા વિકાશ;

ગાનારની ઢબ, શૈલી, કળા વગેરે ઉપરથી ગાનારના સ્વરૂપને નક્કી કરી શકાય છે. (માણસને નજરે જુએ તો જ તેનો નિર્ણય થાય એવું કાંઈ નથી); તેમ આ શરીરરૂપી મકાન, તેમાં વાણીરૂપી વીણા, તે દ્વારા અંતરના આત્માનું સર્વજ્ઞપદ નક્કી થઈ શકે છે. ભલે શ્રોતાઓ બોલનારના આત્માને નજરે ન જુએ, છતાં વાણીના પૂર્વાપર અવિરોધપણા ઉપરથી નક્કી કરી શકે છે કે આ વાણી સર્વજ્ઞની જ છે. સર્વજ્ઞપદ ઊઘડતાં વાણી અને આત્મા બન્ને સ્વતંત્ર થાય છે. જો કે વાણી અને આત્મા બન્ને સ્વતંત્ર જ હતા, પણ અંદર જ્ઞાનનું જે સર્વજ્ઞપણું ખીલી ગયું છે તેનું નિમિત્તપણું વાણીમાં પણ આવે છે, એટલે સર્વજ્ઞનું જ્ઞાન પણ પૂરું છે અને વાણીમાં પણ એક સમયમાં પૂરું કથન આવે છે. એવી વાણી સર્વજ્ઞદેવ સિવાય બીજાને હોય નહીં, એ રીતે વાણી ઉપરથી સર્વજ્ઞને નક્કી કરી શકાય છે.

સર્વજ્ઞની સિદ્ધિનો બીજો ન્યાય :—આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એક આત્મા કરતાં બીજા આત્મામાં વધારે જ્ઞાન જણાય છે, વળી ત્રીજા આત્મામાં તેના કરતાં વધારે જ્ઞાન હોય છે એમ ઉત્તરોત્તર જ્ઞાનની વૃદ્ધિ થતાં કોઈ જીવને પરિપૂર્ણ જ્ઞાન પણ પ્રગટે છે. જે જીવને પરિપૂર્ણ જ્ઞાન પ્રગટ્યું છે તે સર્વજ્ઞ છે.

સર્વજ્ઞની સિદ્ધિનો ત્રીજો ન્યાય :—એક જીવને જેટલા રાગ-દ્વેષ હોય છે તેના કરતાં બીજા જીવને થોડા રાગ-દ્વેષ હોય છે, વળી ત્રીજા જીવને તેના કરતાં પણ થોડા રાગ-દ્વેષ હોય છે, એમ ઓછા કરતાં કરતાં છેવટે કોઈ જીવને રાગ-દ્વેષનો સર્વથા અભાવ પણ હોય છે. જે જીવને રાગ-દ્વેષનો સર્વથા અભાવ હોય તે જીવને પરિપૂર્ણ જ્ઞાન હોય અને તેને સર્વજ્ઞ કહેવાય છે. આ રીતે પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞનું સ્વરૂપ નક્કી કરીને તેમને જે દેવ તરીકે પૂજે, શ્રદ્ધા કરે તે તો પોતાની ભક્તિથી હજી ભગવાનને પોતાના આંગણે લાવ્યો છે, અર્થાત્ પોતે સત્‌ના આંગણે આવ્યો છે.

જિનદેવનો વ્યવહારે ભક્ત હોય તે મિથ્યા સદ્‌ભાવને સ્થાન ન આપે એટલે કે વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર સિવાય ખોટા દેવ-ગુરુનું સમર્થન ન કરે, વાણી દ્વારા ખોટાનું સ્થાપન ન કરે તેમ જ કોઈ અન્ય પ્રકારે ખોટાનું સમર્થન ન કરે—તેને સ્થાન ન આપે; સર્વજ્ઞદેવ અને કુદેવાદિ સરખા નથી એમ માને ત્યારે તો સર્વજ્ઞની વ્યવહારે શ્રદ્ધા છે. સત્યમાર્ગ તો એક જ હોય, સત્યના બે માર્ગ ત્રણ કાળ ત્રણ લોકમાં ન હોય. વીતરાગદેવ સિવાય બીજા દેવને સાચા માનનાર વીતરાગનો ભક્ત નથી.

**સબ સભા વ્યાપકર તૃપ્તકાર,**
**પ્રાણિનકો અમૃતવત્ વિચાર. ૯૭**

કેટલાક જીવો જૈનધર્મ અને બીજા ધર્મનો સમન્વય કરવા માગે છે, પણ જૈનધર્મનો બીજા ધર્મ સાથે સમન્વય કદી થાય નહીં. અમૃત અને ઝેરના સમન્વય હોય નહીં. વીતરાગના સેવક વીતરાગદેવનું સ્વરૂપ ને બાહ્યરૂપ અન્યથા કહેતા કે માનતા નથી. વીતરાગની વાણી સહજ સ્વભાવે નીકળે છે, બીજાને લાભ થાય એવી ઈચ્છાથી ભગવાનની વાણી નીકળતી નથી; ભગવાન તો તદ્દન વીતરાગ થઈ ગયા છે, અને વાણી પણ સ્વતંત્રપણે નીકળે છે.

વીતરાગના સેવક ક્યારે કહેવાય, વ્યવહારે જૈન ક્યારે કહેવાય તે કહેવાય છે. વીતરાગના સેવક વીતરાગદેવથી ઊંધું કહેનારની વાત પણ સાંભળતા નથી. બાપને ગાળ દેનાર બાપનો વેરી છે, સારો છોકરો તેને માન ન આપે, તેમ વીતરાગની વાતથી વિરુદ્ધ કહેનારની વાત વીતરાગના સેવક સાંભળે પણ નહિ. જિનદેવની વીતરાગ પ્રતિમાનું રૂપ સરાગરૂપ ન કરે. વીતરાગની પ્રતિમાને વસ્ત્ર ન હોય, માળા ન હોય, મુગટ ન હોય, તેમ જ શસ્ત્ર વગેરે કોઈ રાગાદિના ચિન્હ જિનદેવની પ્રતિમાને ન હોય. જિનદેવ તો વીતરાગ છે, આનંદઘન છે. તેમના સાક્ષાત્ અભાવમાં તેમની સ્થાપના કરવામાં આવે છે. તે સ્થાપનાના બે પ્રકાર છે : (૧) સદ્‌ભાવરૂપ સ્થાપના, (૨) અસદ્‌ભાવરૂપ સ્થાપના. જિનદેવ પ્રમાણે તેમની મૂર્તિમાં જિનદેવપણાનો આરોપ કરવો તે સદ્‌ભાવરૂપ સ્થાપના છે, અને ફૂલ વગેરેમાં સ્થાપના કરવી તે અસદ્‌ભાવરૂપ સ્થાપના છે. જિનદેવની પ્રતિમામાં જિનદેવની જ સ્થાપના છે, તેથી તે પ્રતિમા ઉપર શણગાર ન હોય. એ તો વીતરાગતાનું પ્રતિબિંબ છે, નિર્ગ્રંથ છે. આ રીતે જિનદેવનો વ્યવહારે સેવક હોય તે જિન-પ્રતિમાનું સ્વરૂપ અન્યથા ન માને, જિન-પ્રતિમાનો અવિનયાદિ ન કરે, જિનદેવની પ્રતિમાનો કોઈ અવિનયાદિ કરે તો તેનો સ્વીકાર ન કરે અને અવિનયાદિના સ્થાનોથી પોતે પોતાને બચાવતો રહે. તેવી જ રીતે જિનદેવ પ્રમાણે સદ્‌ગુરુ અને સત્‌શાસ્ત્રોનું પણ સમજી લેવું. આટલું કરે ત્યારે તો હજી શુભરાગમાં આવ્યો કહેવાય, ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું કહેવાય અને તે બાહ્ય જૈની બન્યો કહેવાય. અને જ્યારે શુદ્ધ આનંદઘન સ્વરૂપની શ્રદ્ધાના જોરે તે શુભરાગનો પણ નકાર કરે અર્થાત્ મારે પર સાથે તો સંબંધ નથી પરંતુ દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના શુભ વિકલ્પ ઊઠે તે પણ મારું સ્વરૂપ નથી, હું તો અખંડ જ્ઞાયક છું , મારા જ્ઞાયકસ્વરૂપમાં રાગનો અંશ પણ નથી—આ રીતે આત્મસ્વભાવની શ્રદ્ધા કરે ત્યારે પરમાર્થ શ્રદ્ધા થાય છે. તે વીતરાગનો સાચો સેવક બન્યો છે, અનાદિની ઊંધી માન્યતારૂપ અગૃહીત મિથ્યાત્વ તેને છૂટ્યું છે અને તે ખરેખર જૈન છે. (ક્રમશઃ) ❊



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

## સમાધિ વર્ણન

સમાધિ કોને થાય? સંકલ્પ-વિકલ્પ આધિ છે, બહારના સંયોગો તે ઉપાધિ છે ને શરીરમાં રોગ તે વ્યાધિ છે—ત્રણેથી રહિત થઈ સ્વભાવમાં સ્થિરતા કરવી તે સમાધિ છે. સમાધિ ધ્યાન થતાં થાય છે, તે ધ્યાન ચિંતાનિરોધ કરવાથી થાય છે ને રાગ-દ્વેષ મટાડવાથી ચિંતાનિરોધ થાય છે ને ઈષ્ટ-અનિષ્ટ સમજ મટાડવાથી રાગ-દ્વેષ મટે છે, પણ આ બધું સત્સમાગમના નિમિત્તે સમજાય છે. સમજ્યા વિના એકાંતમાં બેસી જાય તો કાંઈ વળે તેવું નથી. કોઈ પૂછે કે પરદ્રવ્ય લાભ કરનાર નથી તો પછી સત્સમાગમનું શું કામ છે? તો તેને કહે છે કે જેને સ્વભાવ સમજવાની ધગશ છે તેને સત્સમાગમનો વિકલ્પ આવ્યા વિના રહે નહિ.

જેની માન્યતા ખોટી છે તે બહારના પદાર્થોને છોડવા માગે છે. રાગનાં નિમિત્ત ઈષ્ટ સમાજ છે ને દ્વેષનાં નિમિત્ત અનિષ્ટ સમાજ છે. પરંતુ ખરેખર તે ઈષ્ટ-અનિષ્ટ નથી, પણ જ્ઞાનનું જ્ઞેય છે, ઈષ્ટ-અનિષ્ટપણું વસ્તુમાં નથી. ઈષ્ટ-અનિષ્ટપણાની દૃષ્ટિ છૂટતાં જે ઈષ્ટ-અનિષ્ટપણાનું નિમિત્તકારણપણું કલ્પ્યું હતું તે મટી જાય છે ને રાગ-દ્વેષ મટી જાય છે.

બહાર એકાંતમાં જાઓ—એમ કહ્યું હોય. તો ત્યાં બહારનું એકાંત લાભ કરશે તેમ કહેવું નથી પણ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને લીનતારૂપી અંતર એકાંતતા પ્રગટે તે લાભનું કારણ છે ને તે વખતે એકાંત સંયોગ હોય તો સંયોગનું જ્ઞાન કરાવવા કહ્યું છે.

જે જીવ સમાધિનો વાંચ્છક છે તે ઈષ્ટ-અનિષ્ટનો સમાગમ મટાડે છે—તે નિમિત્તનું કથન છે. ચરણાનુયોગના કથનમાં સામાયિકની વિધિમાં અમુક રીતે બેસવું વગેરે કથન આવે છે, ત્યાં આત્મા જડની ક્રિયા કરી શકે છે એમ કહેવું નથી પણ સામાયિકના કાળે તે પ્રકારના વિકલ્પ આવે છે તેનું જ્ઞાન કરાવેલ છે.

અહીં નિમિત્ત તરફનું લક્ષ છોડાવવા કહ્યું છે કે ઈષ્ટ-અનિષ્ટનો સમાગમ મટાડ, નિમિત્ત હટાવવાની વાત નથી ને નિમિત્તને મેળવવાની પણ વાત નથી. પોતે નિમિત્ત

**તુમ અનેકાંત મત હી યથાર્થ,**
**યાતેં વિપરીત નહીં યથાર્થ;**

તરફનો ઉપયોગ હઠાવ્યો ત્યાં નિમિત્ત હટાવ્યું એમ કહે છે. તત્ત્વજ્ઞાનપૂર્વક પરનો ત્યાગ કરવો એનો અર્થ એ છે કે પર તરફની આસક્તિ છૂટી એટલે રાગ છૂટ્યો. વળી જેને ઉદ્દિષ્ટ આહાર તરફનો રાગ છૂટ્યો નથી તેને ઉદ્દિષ્ટ આહાર છૂટ્યો નથી—એમ કહેવાય છે. પણ તેથી પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગની વાત નથી.

વળી રાગ-દ્વેષ છોડવાની વાત પણ વ્યવહારથી છે. સ્વભાવમાં એકાગ્રતા થતાં વિકલ્પ છૂટી જાય છે ને નિમિત્તનું લક્ષ છૂટી જાય છે તેણે રાગ-દ્વેષ છોડ્યા કહેવાય છે. ચિંતાના લક્ષે ચિંતા છૂટતી નથી, પણ સ્વભાવમાં એકાગ્ર થતાં ચિંતા ઉત્પન્ન થતી નથી.

પોતાના ધ્રુવ સ્વભાવમાં એકાગ્ર થઈને નિજાનંદને ભેટો એ મુક્તિનું કારણ છે. રાગ-દ્વેષના આશ્રયે વીતરાગતા થતી નથી. પોતાના સ્વરૂપમાં એકાગ્રતા કરવાથી જ્ઞાનભાવ થાય છે ને સમાધિ ઊપજે છે તે વખતે વિકલ્પો છૂટી જાય છે. જડ મનને પોતામાં લીન કરવું નથી. જ્ઞાનપર્યાયને પોતામાં લીન કરે છે. તે કથનને સ્વરૂપમાં મન લીન કરે છે—એમ કહ્યું છે. સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયમાં પરિણામ લીન થાય તેને સમાધિ કહે છે. (ક્રમશઃ) ❇

---

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ) (પ્રવચનસાર પ્રવચન)


પુણ્યવાળા અજ્ઞાની જીવો પાંચ ઈન્દ્રિયના વિષયસુખને ભોગવવા માટે દયા વગેરે ખાય છે ને તેમાં લાખો જીવોની હિંસા થતી હોય તો પણ દરકાર કરતા નથી. એટલે પુણ્યના ફળમાં મળેલા સાધનોથી શરીર તથા ઈન્દ્રિયોને પોષે છે પણ આત્માને પોષતો નથી.

જેવી રીતે જળો ખરાબ લોહીમાં ઘણો આસક્ત છે ને લોહી પીને મોટો થઈ સુખી હોય એમ ભાસે છે. તેમ અજ્ઞાની ભોગમાં આસક્ત વર્તતા સુખી લાગે છે. માટે પુણ્યો જોવામાં આવે છે ખરા પણ તે ઈન્દ્રિયને પોષણ માટે કામ લાગે છે ને આત્માનો ઘાત કરે છે. કારણ કે અજ્ઞાની જીવોનું વલણ બાહ્ય ઉપર જ છે તેથી પુણ્યના ફળરૂપે મળેલી વસ્તુ ઉપર જ તેની દૃષ્ટિ રહેશે પણ આત્મસ્વભાવ ઉપર જશે નહિ. (ક્રમશઃ) ❇

---

(અનુસંધાન પેજ નં. ૨૪ થી ચાલુ) (છઢાળા પ્રવચન)


મોક્ષમાર્ગ તરીકે નથી સેવતા, પણ તે વખતે સ્વભાવના આશ્રયે રત્નત્રયની જેટલી શુદ્ધિ થઈ છે તેને જ મોક્ષમાર્ગ તરીકે સેવે છે. આ રીતે સાચા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે; સાચા એટલે નિશ્ચય; 'जो सत्यारथरूप सो निश्चय'—અને તે નિશ્ચયને અનુકૂળ ભૂમિકા મુજબ વ્યવહાર હોય છે, તેમાંથી નિશ્ચય સમ્યગ્દર્શનની સાથેનો વ્યવહાર કેવો હોય તેનું વર્ણન હવેની ગાથામાં કહેશે. (ક્રમશઃ) ❇




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ત્રીજી ઢાળ ગાથા ૨)

## નિશ્ચયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વ્યાખ્યા



પરથી જુદું આત્માનું વાસ્તવિકસ્વરૂપ શું છે તેના શ્રદ્ધા-જ્ઞાન કર્યા પછી જ તેમાં લીનતા થઈ શકે; નિજસ્વરૂપમાં લીનતા વડે જેટલી વીતરાગી શુદ્ધતા થઈ તેટલું સમ્યક્ચારિત્ર છે. વ્રત સંબંધી શુભ વિકલ્પો તે ચારિત્ર નથી, તે તો ચારિત્રદશામાં સાથે નિમિત્તરૂપ છે. વીતરાગતા જ ચારિત્ર છે, રાગ તે ચારિત્ર નથી. રાગ વગરનાં રત્નત્રય જ મોક્ષનું કારણ છે, રાગ તો આસ્રવનું જ કારણ છે, તે મોક્ષનું કારણ નથી.

અહા! આવો ચોક્ખો વીતરાગી માર્ગ! તેને ભૂલીને અજ્ઞાની લોકોએ રાગમાં મોક્ષમાર્ગ માની લીધો. રાગને મોક્ષમાર્ગ માનવો તે તો, કાચના કટકામાં મોટો મહા કિંમતી ચૈતન્યહીરો માંગવા જેવું છે. રાગવડે મોક્ષ થવાનું જે માને છે તેણે તો રાગ જેટલી જ મોક્ષની કિંમત કરી છે, વીતરાગી આનંદરૂપ મોક્ષની તેને ખબર નથી. બાપુ! પૂર્ણ આનંદથી ભરેલું મોક્ષપદ તે એવું નથી કે તેને રાગમાં મળી જાય. વીતરાગી આનંદરૂપ મોક્ષ માટેની કિંમત પણ કોઈ અલૌકિક છે. અખંડ ચૈતન્યસ્વભાવને સ્વીકારીને તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગભાવ વડે જ મોક્ષ સધાય છે, એનાથી જુદું બીજું કોઈ સાધન નથી.

અહા, જ્ઞાનાનંદના અનંત કિરણોથી ચમકતો ચૈતન્યહીરલો....તે તો વીતરાગતાનો પૂંજ છે; તેમાં લીનતારૂપ વીતરાગતા તે જ ચારિત્ર છે. આવા ચારિત્રને ભગવાને પરમધર્મ કહ્યો છે. એને બદલે જે પરમાં ને રાગાદિ વ્યવહારભાવોમાં લીન થઈને તેને ચારિત્રધર્મ સમજી લ્યે તે તો મિથ્યાદૃષ્ટિ છે, તેને તો વ્યવહારચારિત્ર પણ હોતું નથી. (લીન ભયો વ્યવહારમેં મુક્તિ કહાંસે હોય?)

પહેલાં ચારિત્ર ને પછી સમ્યગ્દર્શન—એમ જે માને છે તેને તો સમ્યગ્દર્શનની કે ચારિત્રની એક્કેયની ખબર નથી. ભાઈ! શ્રદ્ધા વગર ચારિત્ર કેવું? આત્માને જાણ્યા વગર તું લીન શેમાં થઈશ? ચારિત્રનું મૂળકારણ તો સમ્યગ્દર્શન અને જ્ઞાન છે; તેને

એકાંત દૃષ્ટિ હૈ મૃષા વાક્ય,
નિજ ઘાતક સર્વ અયોગ્ય વાક્ય. ૯૮

બદલે શુભરાગને જ તેં ચારિત્ર માની લીધું, અને પાછો તે શુભરાગરૂપ ચારિત્રને તેં સમ્યગ્દર્શનનું કારણ માન્યું,—એટલે તારે તો આખો મોક્ષમાર્ગ રાગરૂપ જ થયો, એમાં વીતરાગતા કે શુદ્ધાત્માનો આશ્રય કરવાનું તો ક્યાંય આવ્યું નહીં. સ્વદ્રવ્યના આશ્રયરૂપ વીતરાગતા વગર મોક્ષમાર્ગ કેવો? શુદ્ધાત્માના જ આશ્રયે સાચા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, ને તે જ મોક્ષમાર્ગ છે.

સમયસાર ગાથા ૨૭૬—૨૭૭ માં કહે છે કે—શુદ્ધઆત્મા તે જ્ઞાન છે કારણ કે તે જ્ઞાનનો આશ્રય છે, શુદ્ધઆત્મા તે દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે, અને શુદ્ધઆત્મા તે ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે.—આ પ્રમાણે નિશ્ચય છે. શુદ્ધઆત્માના જ આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એટલે અભેદપણે તે ત્રણેને શુદ્ધઆત્મા જ કહી દીધો.

શાસ્ત્રોનું જ્ઞાન, નવપદાર્થોની શ્રદ્ધા અને પંચમહાવ્રતના શુભભાવરૂપ ચારિત્ર તે વ્યવહાર છે; કેમકે તે હોવા છતાં—જો શુદ્ધાત્માનો આશ્રય ન હોય તો—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી હોતાં.

—માટે પરાશ્રિત એવો વ્યવહાર તે મોક્ષમાર્ગમાં નિષેધ્ય છે, અને સ્વાશ્રિત એવો જે નિશ્ચય તે જ મોક્ષમાર્ગમાં ઉપાદેય છે,—એ સિદ્ધાંત છે.

પંડિતજીએ સમયસાર વગેરે શાસ્ત્રો અનુસાર આ છ ઢાળાની રચના કરી છે; સંસ્કૃત અને વ્યાકરણ ભણ્યા વગર પણ સમજાય એવું સાદું આ પુસ્તક છે; ટૂંકામાં ઘણી વાત તેમાં સમજાવી છે. મોટા અને નાના બધાયને અભ્યાસ કરવા જેવું આ પુસ્તક છે. આ બીજી ગાથામાં નિશ્ચય રત્નત્રયનું કથન કર્યું. અને હવે ત્રીજી ગાથાથી વ્યવહાર સમ્યગ્દર્શનનું તથા તેના વિષયરૂપ જીવ—અજીવાદિ સાત તત્ત્વોનું વર્ણન કરશે.

જુઓ, પહેલાં નિશ્ચયમોક્ષમાર્ગ બતાવીને પછી કહ્યું કે હવે વ્યવહાર સાંભળો. જ્યાં નિશ્ચય હોય ત્યાં વ્યવહાર કેવો હોય છે તેનું જ્ઞાન કરાવે છે. જેને નિશ્ચયની ખબર નથી તેને વ્યવહાર કેવો? વ્યવહારને નિયતનો હેતુ કહ્યો,—પણ તે ક્યો વ્યવહાર? કે જે નિશ્ચયની સાથે હોય તે. જ્યાં નિશ્ચય હોય ત્યાં આવો વ્યવહાર હોય તેને વ્યવહારે હેતુ કહેવાય છે. નિશ્ચય ન હોય ને એકલો વ્યવહાર હોય તો તેને હેતુ કહેવામાં આવતો નથી. એટલે વ્યવહારને હેતુપણું કહ્યું તે ધર્માસ્તિકાયવત્ જાણવું. જેમ ધર્માસ્તિકાય

**એકાંતી　તપસી　માન　ધાર,**
**નિજ　દોષ　નિરખ　ગજ　નયન　ધાર;**

ગતિમાં હેતુ છે—પણ કોને? કે જે સ્વયંગતિ કરે તેને; તેમ વ્યવહાર તે નિશ્ચયનો હેતુ છે—પણ કોને? કે સ્વાશ્રયે જે નિશ્ચયધર્મ પ્રગટ કરે તેને. જેણે પંચમહાવ્રતાદિ વ્યવહારનું તો પાલન કર્યું, પણ સ્વાશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શનાદિ પ્રગટ ન કર્યું. તેને તો તે વ્યવહાર હેતુ પણ ન થયો (—જેમ સ્વયં ગતિ ન કરનારને ધર્માસ્તિકાય હેતુ પણ થતો નથી તેમ).

જો એકલો વ્યવહાર તે ખરેખર નિશ્ચયનો હેતુ થતો હોય તો—

'મુનિવ્રતધાર અનંતવાર ગ્રૈવક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો.'

—પંચમહાવ્રતાદિ વ્યવહાર અનંતવાર કરવા છતાં તે જીવને તે નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનો હેતુ કેમ ન થયો? ઉપાદાન વગર નિમિત્ત શું કરે? ઉપાદાન-નિમિત્તના દોહરામાં પણ પં. ભગવતીદાસજી કહે છે કે—

ઉપાદાન નિજબલ જહાં તહાં નિમિત્ત પર હોય,
ભેદજ્ઞાન પરમાણ વિધિ વિરલા બૂઝે કોય.

જ્યાં ઉપાદાન પોતાના સામર્થ્યવડે કાર્ય કરે છે ત્યાં બીજા સંયોગ નિમિત્તરૂપે હોય છે; તેમ જ્યાં સ્વદ્રવ્યના આશ્રયરૂપ ઉપાદાનના બળથી નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટે ત્યાં નિમિત્તરૂપે તેને યોગ્ય વ્યવહાર હોય છે.

આત્મા પરદ્રવ્યોથી સદા જુદો છે; પોતાના આવા આત્માનો અટલ વિશ્વાસ તે સમ્યગ્દર્શન છે. અટલ એટલે જે કદી ટળે નહિ. આત્માથી કદી જુદો પડે નહીં. સિદ્ધદશામાંય આત્મા સાથે સદાય રહે—તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. વ્યવહાર-સમ્યગ્દર્શન તો વિકલ્પરૂપ છે, પરને આશ્રિત છે, તે કાંઈ સિદ્ધદશામાં રહેતું નથી, તે આત્મારૂપ નથી પણ વિકલ્પરૂપ છે એટલે વીતરાગદશા થતાં તે વિકલ્પ છૂટી જાય છે. નિશ્ચય સમ્યગ્દર્શન તો આત્મારૂપ છે, તે સિદ્ધમાંય સદાકાળ રહે છે. એ જ રીતે નિશ્ચય સમ્યગ્જ્ઞાનને તથા નિશ્ચય સમ્યક્ચારિત્રને પણ આત્મારૂપ જાણવા; વિકલ્પથી તે ભિન્ન છે. વિકલ્પરૂપ વ્યવહારભાવોથી આત્મા ભિન્ન હોવા છતાં તેની સાથે આત્માને એકમેક માનવો તે અજ્ઞાની જીવોનો મિથ્યા પ્રતિભાસ છે અને તેનું ફળ સંસાર છે. સર્વે પરભાવોથી ભિન્ન આત્માને દેખવો—જાણવો—અનુભવવો તે મોક્ષનો માર્ગ છે. ભવ્ય જીવોએ આવા મોક્ષમાર્ગને સદા સેવવો જોઈએ. શુભરાગના કાળેય ધર્મી તે રાગને

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

તે અનેકાંત ખંડન અયોગ્ય,
તુઝ મત લક્ષ્મીકે હૈં અયોગ્ય. ૯૯

## હું (અહં બ્રહ્માસ્મિ દ્રવ્યદૃષ્ટિએ વિચારણા)

– હું જીવ છું, અજીવ નથી.
– હું ચેતન છું, જડ નથી.
– હું દર્શનમય છું, અદર્શનમય નથી.
– હું જ્ઞાની છું, અજ્ઞાની નથી.
– હું સુખી છું, દુઃખી નથી.
– હું વીર્યવાન છું, કાયર નથી.
– હું પ્રભુ છું, પામર નથી.
– હું સર્વજ્ઞ છું, ખંડ ખંડ જ્ઞાનમય નથી.
– હું સ્વચ્છ છું, મલિન નથી.
– હું સ્વપરપ્રકાશક છું, અંધકારમય નથી.
– હું અસંકુચિત વિકાસમય છું, મર્યાદિત નથી.
– હું સંપૂર્ણ છું, અપૂર્ણ નથી.
– હું સ્વતંત્ર છું, પરાધીન નથી.
– હું અમૂર્ત છું, મૂર્તિક નથી.
– હું નિષ્ક્રિય છું, ક્રિયાવાન નથી.
– હું નિઃસ્પંદનમય છું, સ્પંદનવાળો નથી.
– હું સ્વથી અસ્તિ છું, સ્વથી નાસ્તિ નથી.
– હું પરથી નાસ્તિ છું, પરથી અસ્તિ નથી.
– હું દ્રવ્ય એક છું, અનેક નથી.
– હું પર્યાયે અનેક છું, એક નથી.
– હું સ્વનો કર્તા છું, પરનો કર્તા નથી.
– હું સ્વનો સ્વામી છું, પરનો ભોક્તા નથી.
– હું સ્વનું સાધન છું, પરનું સાધન નથી.
– હું સ્વને દાન આપી શકું છું, પરને દાન આપી શકતો નથી.
– હું સ્વ પાસેથી દાન લઉં છું, પર પાસેથી દાન લેતો નથી.
– હું સ્વનો આધાર છું, પરનો આધાર નથી.
– હું સ્વ સાથે સંબંધ રાખું છું, પર સાથે સંબંધ રાખતો નથી.
– હું સત્ છું, અસત્ નથી.
– હું સહજ છું, કૃત્રિમ નથી.
– હું ત્રિકાળી છું, ક્ષણિક નથી.
– હું નિર્વિકાર છું, વિકાર નથી.
– હું સ્વભાવ છું, વિભાવ નથી.
– હું સર્વોત્કૃષ્ટ છું, પામર નથી.
– હું નિરુપાધિક છું, ઉપાધિવાળો નથી.
– હું શુદ્ધ છું, વિભાવોથી અશુદ્ધ નથી.
– હું મારા ગુણોની પર્યાયોમાં વ્યાપું છું, પરના ગુણોની પર્યાયોમાં વ્યાપતો નથી.

—પૂજ્ય ગુરુદેવશ્રી



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે પાત્રતા કેવા પ્રકારની જોઈએ ?**

ઉત્તર :—પર્યાય સીધી દ્રવ્યને પકડે તે સમ્યગ્દર્શનની પાત્રતા છે. બાકી વ્યવહાર પાત્રતા તો ઘણા પ્રકારે કહેવાય. મૂળ પાત્રતા તો દૃષ્ટિ દ્રવ્યને પકડી સ્વાનુભવ કરે તે પાત્રતા છે.

**પ્રશ્ન :—સમ્યગ્દર્શન થવાવાળાની વ્યવહાર યોગ્યતા કેવી હોય ?**

ઉત્તર :—નિમિત્તથી કે રાગથી સમ્યગ્દર્શન થાય નહિ, પર્યાય-ભેદના આશ્રયે સમ્યગ્દર્શન થાય નહિ, આ બાજુ અંદરમાં ઢળવાથી જ સમ્યગ્દર્શન થાય અને બીજી કોઈ રીતે ન થાય—એવા પ્રકારની દૃઢ શ્રદ્ધા–જ્ઞાન એ સમ્યગ્દર્શન થવાવાળાની યોગ્યતા છે.

**પ્રશ્ન :—સમ્યગ્દર્શન માટે ખાસ પ્રકારની પાત્રતાનું લક્ષણ શું ?**

ઉત્તર :—એને પોતાના આત્માનું હિત કરવા માટે અંદરથી ખરી ધગશ હોય, આત્માને પામવાની તાલાવેલી હોય, દરકાર હોય, ખરેખરી દરકાર હોય તે ક્યાંય અટક્યા વિના પોતાનું કામ કરે જ.

**પ્રશ્ન :—સમ્યગ્દર્શન નહિ થવામાં ભાવજ્ઞાનની ભૂલ છે કે આગમજ્ઞાનની ભૂલ છે ?**

ઉત્તર :—પોતાની ભૂલ છે. સ્વ તરફ નહિ વળતા પર તરફ રોકાય છે એ જ એની ભૂલ છે. છતી શક્તિ છે તેને અછતી કરી હતી તે તેની ભૂલ છે. એ છતી શક્તિને છતી કરીને જોતાં–દેખતાં એ ભૂલ ટળે છે.

**પ્રશ્ન :—તત્ત્વ વિચાર તે સમ્યગ્દર્શન પામવાનું નિમિત્ત છે તો મૂળ સાધન શું છે ?**

ઉત્તર :—મૂળ સાધન અંદરમાં આત્મા છે ત્યાં દૃષ્ટિનું જોર જાય ને એકદમ પૂર્ણ પરમાત્મા જ હું છું—એમ વિશ્વાસ આવે, જોર આવે ને દૃષ્ટિ અંતરમાં ઢળે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. તે પહેલા તત્ત્વના વિચાર હોય છે, તેની રુચિ છોડીને અંદરમાં જાય છે ત્યારે તે વિચારને નિમિત્ત કહેવાય છે.

**એકાંતી નિજ ઘાતક જુ દોષ,**
**સમરથ નહિ દૂર કરણ સદોષ;**

પ્રશ્ન :—નવતત્ત્વોને જાણવા તે સમ્યગ્દર્શન છે, કે શુદ્ધ જીવને જાણવો તે સમ્યગ્દર્શન છે?

ઉત્તર :—નવ તત્ત્વોને યથાર્થપણે જાણતાં તેમાં શુદ્ધ જીવનું જ્ઞાન પણ ભેગું આવી જ જાય છે; ને શુદ્ધ જીવને જાણે તો તેને નવ તત્ત્વનું પણ યથાર્થ જ્ઞાન જરૂર હોય છે. આ રીતે, નવ તત્ત્વનું જ્ઞાન તે સમ્યક્ત્વ કહો કે શુદ્ધ જીવનું જ્ઞાન તે સમ્યક્ત્વ કહો તે બન્ને એક જ છે. (જ્ઞાન કહેતાં તે જ્ઞાનપૂર્વકની પ્રતીત, તેને સમ્યગ્દર્શન સમજવું.) આમાં એક વિશેષતા એ છે કે સમ્યક્ત્વ પ્રગટવાની અનુભૂતિના કાળે નવ તત્ત્વો ઉપર લક્ષ નથી હોતું, ત્યાં તો શુદ્ધ જીવ ઉપર જ ઉપયોગની મીટ હોય છે; ને 'આ હું' એવી જે નિર્વિકલ્પપ્રતીત છે તેના ધ્યેયભૂત એકલો શુદ્ધ આત્મા જ છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની વિધિ શું છે?

ઉત્તર :—પરનો કર્તા આત્મા નથી, રાગનો પણ કર્તા નથી, રાગથી ભિન્ન જ્ઞાયકમૂર્તિ છું—એવી અંતરમાં પ્રતીતિ કરવી એ વિધિ છે. અહાહા! આવો સમય મળ્યો છે એમાં તો આત્માને રાગથી જુદો કરી દેવાનો આ કાળ છે.

પ્રશ્ન :—ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય દૃષ્ટિમાં આવ્યો એવું ક્યારે કહેવાય? વેદનમાં પણ શું દ્રવ્ય આવે છે?

ઉત્તર :—ચૈતન્ય ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મદ્રવ્ય એ જેને દૃષ્ટિમાં આવ્યો તેને પર્યાયમાં આનંદનું વેદન આવે એ પર્યાયને જ અલિંગગ્રહણના ૨૦માં બોલમાં આત્મા કહ્યો છે. ત્રિકાળી ધ્રુવ ભગવાન ઉપર દૃષ્ટિ પડે એને વેદનમાં આનંદનો અનુભવ થાય ત્યારે તેની દૃષ્ટિ દ્રવ્યની થઈ કહેવાય છે. જો આનંદનું વેદન ન આવે તો તેની દૃષ્ટિ ધ્રુવ ઉપર ગઈ જ નથી. જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય તેને અનાદિનું રાગનું વેદન હતું તે ટળીને આનંદનું વેદન પર્યાયમાં આવે ત્યારે તેની દૃષ્ટિમાં દ્રવ્ય આવ્યું છે પણ વેદનમાં દ્રવ્ય આવતું નથી. તેથી પર્યાય દ્રવ્યને સ્પર્શ કરતી નથી તેમ કહે છે. પ્રભુની પર્યાયમાં પ્રભુનો સ્વીકાર થયો એ પર્યાયમાં પ્રભુનું જ્ઞાન આવે છે પણ પર્યાયમાં પ્રભુનું-દ્રવ્યનું વેદન આવતું નથી. વેદનમાં જો દ્રવ્ય આવે તો દ્રવ્યનો નાશ થઈ જાય પણ દ્રવ્ય તો ત્રિકાળ ટકનાર છે. તેથી તે પર્યાયમાં આવતું નથી એટલે પર્યાય સામાન્ય દ્રવ્યને સ્પર્શતી નથી તેમ કહ્યું. (ક્રમશઃ) ❋

તુમ દ્વેષ ધાર નિજ હનનકાર,
માનૈં અવાચ્ય સબ વસ્તુ સાર. ૧૦૦

**બાળ વિભાગ**　　　　**(વાલિખિલ્યની કથા)**

વનવાસ દરમ્યાન અનેક નગર ભ્રમણ કરતાં શ્રી રામ, લક્ષ્મણ અને સીતા નલકુંવર નામના નગરમાં આવીને રહ્યાં. વન ફળફૂલોથી શોભે છે. ત્યાં ભમરા ગુંજારવ કરે છે અને કોયલ ટહૂકે છે. પાસે સરોવર હતું ત્યાં લક્ષ્મણ જળ નિમિત્તે ગયા. તે જ સરોવર પર ક્રીડા નિમિત્તે કલ્યાણમાલા નામની એક રાજપુત્રી રાજકુમારનો વેષ લઈને આવી હતી. એ રાજકુમાર રૂપાળા નેત્રવાળો, સર્વને પ્રિય, વિનયી, કાંતિરૂપ ઝરણાંનો પર્વત, શ્રેષ્ઠ હાથી પર આરૂઢ, સુંદર પાયદળ સાથે, નગરનો રાજા સરોવરના તીર પર લક્ષ્મણને જોઈને મોહિત થયો. લક્ષ્મણ નીલકમળ સમાન શ્યામ, સુંદર લક્ષણોના ધારક છે.

રાજકુમારે એક માણસને આજ્ઞા કરી કે એને લઈ આવો. તે માણસ આવીને હાથ જોડી નમસ્કાર કરી કહેવા લાગ્યો કે હે ધીર! આ રાજપુત્ર આપને મળવા ઈચ્છે છે તો પધારો. લક્ષ્મણ રાજકુમારની સમીપે ગયા. રાજકુમાર હાથી પરથી નીચે ઊતરીને પોતાના કમળતુલ્ય હાથથી લક્ષ્મણનો હાથ પકડીને કપડાના તંબૂમાં લઈ ગયો. બંને એક આસન પર બેઠા.

રાજકુમારે પૂછ્યું આપ કોણ છો અને ક્યાંથી આવો છો? ત્યારે લક્ષ્મણે કહ્યું કે મારા મોટા ભાઈ મારા વિના એક ક્ષણમાત્ર પણ રહી શકતા નથી માટે તેમના માટે અન્ન, પાનસામગ્રી લઈ આવી તેમની આજ્ઞા લઈને પછી તમારી પાસે આવીશ અને બધી વાત કરીશ. આ વાત સાંભળીને રાજકુમારે કહ્યું કે અહીં રસોઈ તૈયાર જ છે તો અહીંથી જ તમે અને તે ભોજન કરો. પછી લક્ષ્મણની આજ્ઞા લઈને સુંદર ભાત, દાળ, જાતજાતનાં શાક, તાજું ઘી, કર્પૂરાદિ સુગંધી દ્રવ્યો સહિત દહીં, દૂધ, જાતજાતનાં પીણાં, મિશ્રીના સ્વાદવાળા લાડુ, પુરી, સાંકળી ઈત્યાદિ નાના પ્રકારની ભોજનની સામગ્રી અને વસ્ત્ર, આભૂષણ, માળા ઈત્યાદિ તૈયાર કર્યું. પછી પોતાની પાસે જે દ્વારપાળ હતો તેને મોકલ્યો.

તે સીતા સહિત રામને પ્રણામ કરીને કહેવા લાગ્યો હે દેવ! આ વસ્ત્રભવનમાં આપના ભાઈ બેઠા છે અને આ નગરના રાજાએ બહુ આદરથી આપને વિનંતી કરી છે કે ત્યાં શીતળ છાયો છે અને સ્થાન મનોહર છે તો આપ કૃપા કરીને પધારો, જેથી માર્ગનો ખેદ મટે. પછી પોતે સીતા સહિત પધાર્યા, જાણે ચાંદની સહિત ચંદ્રે પ્રકાશ કર્યો. મસ્ત હાથી સમાન ચાલથી દૂરથી આવતા જોઈને નગરના રાજા અને લક્ષ્મણ ઊઠીને સામે ચાલ્યા. સીતા સહિત રામ સિંહાસન પર બિરાજ્યા. રાજાએ આરતી ઉતારીને અર્ઘ્ય આપ્યો, અત્યંત સન્માન કર્યું. પોતે પ્રસન્ન થઈ, સ્નાન કરીને ભોજન કર્યું. સુગંધી પદાર્થનો લેપ કર્યો પછી

**સત્ એક નિત્ય વક્તવ્ય વાક્ય,**
**યા તિન પ્રતિપક્ષી નય સુવાક્ય,**

રાજાએ બધાને વિદાય કર્યા. હવે ત્યાં એક રાજા અને આ ત્રણ એમ ચાર જણ જ રહ્યાં. બધાને કહ્યું કે મારા પિતા પાસેથી આમની સાથે સમાચાર આવ્યા છે, ખાનગી છે માટે કોઈને અંદર આવવાનું નથી, કોઈ આવશે તો તેને હું મારી નાખીશ. દ્વાર પર મોટા મોટા સામંતોને ઊભા રાખ્યા.

એકાંતમાં તેણે લજ્જા છોડીને રાજાનો વેશ છોડીને પોતાનું સ્ત્રી સ્વરૂપ પ્રગટ કર્યું. કન્યા લજ્જિત મુખવાળી, જાણે સ્વર્ગની દેવાંગના અથવા નાગકુમારી હોય તેવી હતી. કાંતિથી આખો ખંડ પ્રકાશરૂપ થઈ ગયો, જાણે કે ચંદ્ર ઊગ્યો. તેનું મુખ લજ્જા અને મંદ હાસ્યથી મંડિત છે, જાણે કે રાજકન્યા સાક્ષાત્ લક્ષ્મી જ છે અને કમળવનમાં આવીને બેઠી છે, પોતાની લાવણ્યતાના સાગરમાં તેણે જાણે કે તંબૂને ડૂબાડી દીધો. તેના પ્રકાશ આગળ રત્ન અને કંચન દ્યુતિરહિત ભાસતાં હતાં. જેમ મેઘપટલને ભેદી ચંદ્ર નીકળી આવે તેમ વસ્ત્રને ભેદી શરીરનો પ્રકાશ ફેલાઈ રહ્યો હતો. અત્યંત ચીકણા, સુગંધી, પાતળા, લાંબા વાળથી શોભતું તેજસ્વી મુખ કાળી ઘટામાં વીજળી સમાન ચમકતું હતું. અત્યંત સૂક્ષ્મ, સ્નિગ્ધ રોમાવલિથી શોભતી નીલમણિમંડિત સુવર્ણની મૂર્તિ જ લાગતી હતી. તત્કાળ નરરૂપ છોડી નારીનું મનોહર રૂપ ધરનારી તે સીતાના પગ પાસે જઈને જાણે લક્ષ્મી રતિની નીકટ જઈને બેઠી. એનું રૂપ જોઈને લક્ષ્મણ કામથી વિંધાઈ ગયા. તેની જુદી જ અવસ્થા થઈ ગઈ, નેત્ર ચલાયમાન થયાં.

શ્રી રામચંદ્રે કન્યાને પૂછ્યું કે તું કોની પુત્રી છો અને પુરુષનો વેષ શા માટે લીધો છે? ત્યારે તે મધુરભાષી કન્યા પોતાનું અંગ વસ્ત્રથી ઢાંકતી કહેવા લાગી કે હે દેવ! મારો વૃત્તાંત સાંભળો. આ નગરના રાજા વાલિખિલ્ય બુદ્ધિમાન, સદાચારી, શ્રાવકનાં વ્રતધારી, અત્યંત દયાળું અને જિનધર્મીઓ પર વાત્સલ્ય રાખનાર હતા. તેમની રાણી પૃથ્વીને ગર્ભ રહ્યો અને હું ગર્ભમાં આવી. મારા પિતાને મ્લેચ્છોના અધિપતિ સાથે સંગ્રામ થયો. તેમાં મારા પિતા પકડાઈ ગયા. મારા પિતા સિંહોદરના સેવક હતા. સિંહોદરે એવી આજ્ઞા કરી છે કે વાલિખિલ્યને જો પુત્ર થાય તો તે રાજ્ય કરે, પણ હું પાપિણી પુત્રી થઈ, પછી અમારા મંત્રી સુબુદ્ધિએ રાજ્યને ખાતર મને પુત્ર ઠરાવ્યો. સિંહોદરને વિનંતી કરી. મારું નામ કલ્યાણમલ રાખ્યું. મોટો ઉત્સવ કર્યો. આ રહસ્ય મારી માતા અને મંત્રી જાણે છે. બાકીના બધા મને કુમાર જ જાણે છે. આટલા દિવસો તો મેં આમ જ વ્યતીત કર્યા. હવે પુણ્યના પ્રભાવથી આપના દર્શન થયા. મારા પિતા મ્લેચ્છોના બંદી છે અને ખૂબ દુઃખી છે, સિંહોદર પણ તેમને છોડાવવાને સમર્થ નથી. દેશમાં જે આવક થાય છે તે બધી મ્લેચ્છ લઈ જાય છે. મારી માતા વિયોગરૂપ અગ્નિથી બળે છે, બીજના ચંદ્રની મૂર્તિ જેવી ક્ષીણ થઈ ગઈ છે. આમ કહીને દુઃખના ભારથી પીડિત અંગવાળી, ઝાંખી પડી ગઈ ને રુદન કરવા લાગી.

(ક્રમશઃ) ❋

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

(પાંચ વસ્તુ પૂર્ણ કરો.)

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | પાંચ સિદ્ધક્ષેત્ર | ૧. પાવાપુરી | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫............. |
| (૨) | પાંચ પહાડ રાજગૃહીના | ૧. વિપુલાચલ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૩) | પાંચ જ્ઞાન | ૧. મતિજ્ઞાન | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૪) | પાંચ રત્નો પ્રવચનસાર ગાથા નં. | ૧. ૨૭૨ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૫) | પાંચ રત્નો નિયમસાર ગાથા નં. | ૧. ૭૮ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૬) | પાંચ ભાવ | ૧. ઔપશમિક | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૭) | પાંચ પરમેષ્ઠી | ૧. અરિહંત | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૮) | પાંચ વિદેહક્ષેત્ર | ૧. પૂર્વ ધાતકીખંડ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૯) | અયોધ્યામાં જન્મેલ પાંચ તીર્થંકર | ૧. ઋષભદેવ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૧૦) | પાંચ ઈન્દ્રિયો | ૧. સ્પર્શ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૧૧) | પાંચ નામ વીરપ્રભુના | ૧. વીર | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૧૨) | પાંચ નામ કુંદપ્રભુના | ૧. કુંદકુંદ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૧૩) | પાંચ શાશ્વત મેરુ તીર્થ | ૧. સુદર્શન મેરુ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |

| | | | |
|---|---|---|---|
| (૧૪) પંચમકાળના પાંચ શ્રુતકેવળી | ૧. વિષ્ણુમુનિ | ૨............ | ૩............. |
| | | ૪............ | ૫............. |
| (૧૫) પાંચ અનુત્તર વિમાન | ૧. વિજય | ૨............ | ૩............. |
| | | ૪............ | ૫............. |
| (૧૬) પાંચ પ્રકારે અર્થ | ૧. શબ્દાર્થ | ૨............ | ૩............. |
| | | ૪............ | ૫............. |
| (૧૭) પાંચ કલ્યાણક | ૧. ગર્ભ | ૨............ | ૩............. |
| | | ૪............ | ૫............. |
| (૧૮) પાંચ બાલબ્રહ્મચારી તીર્થંકર | ૧. વાસુપૂજ્ય | ૨............ | ૩............. |
| | | ૪............ | ૫............. |
| (૧૯) પાંચ લબ્ધિ | ૧. ક્ષયોપશમ | ૨............ | ૩............. |
| | | ૪............ | ૫............. |
| (૨૦) પાંચ પરાવર્તન | ૧. દ્રવ્ય | ૨............ | ૩............. |
| | | ૪............ | ૫............. |

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્નોના ઉત્તર

૧) ગિરનાર, કૈલાસપર્વત, ચંપાપુરી, સમ્મેદશિખર

૨) રત્નગિરિ, ઉદયગિરિ, શ્રમણગિરિ, વૈભારગિરિ

૩) શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યય-જ્ઞાન, કેવળજ્ઞાન

૪) ૨૭૩, ૨૭૪, ૨૭૫, ૨૭૬

૫) ૭૯, ૮૦, ૮૧, ૮૨

૬) ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક

૭) સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ

૮) પશ્ચિમધાતકીમાં, પૂર્વ-પુષ્કરદ્વીપમાં, પશ્ચિમપુષ્કરમાં, જંબૂદ્વીપમાં

૯) અજિતનાથ, અભિનંદન, સુમતિનાથ, અનંતનાથ

૧૦) રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર

૧૧) અતીવીર, મહાવીર, સન્મતિનાથ, વર્ધમાન

૧૨) પદ્મનંદી, ગૃદ્ધપિચ્છ, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય

૧૩) અચલમેરુ, વિજયમેરુ, મંદીરમેરુ, વિદ્યુન્માલી

૧૪) નંદિમિત્ર, અપરાજિત, ગોવર્ધન, ભદ્રબાહુ

૧૫) વૈજયન્ત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધિ

૧૬) નયાર્થ, મતાર્થ, આગમાર્થ, ભાવાર્થ

૧૭) જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક, જ્ઞાનકલ્યાણક, મોક્ષકલ્યાણક

૧૮) મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીર

૧૯) વિશુદ્ધિ, દેશના, પ્રાયોગ્ય, કરણલબ્ધિ

૨૦) ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ પરાવર્તન

(બાળકો માટે જાણવાયોગ્ય માહિતી)

# કાળચક્ર

વીતરાગી જૈનશાસનની પરંપરા અનાદિકાળથી ચાલી આવે છે, કેમકે આ જૈન શાસન શાશ્વત સત્ય પર આધારિત છે. આ શાશ્વત સત્યમાં કોઈપણ કાળે ફેરફાર થયો નથી. આ વીતરાગી શાસનની ગૌરવપૂર્ણ પરંપરાના પુનિત પ્રવાહમાં, જંબૂદ્વીપના આપણા ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનથી અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન સુધીના તમામ તીર્થંકરોએ જૈનદર્શનમાં જગતની વસ્તુ વ્યવસ્થાનું પ્રતિપાદન કર્યું છે અને ભવ્યજીવોને કલ્યાણના કારણભૂત મોક્ષમાર્ગ બતાવ્યો છે.

જૈન દર્શનની પરંપરા પ્રમાણે આપણા ભરતક્ષેત્રમાં કાળનું ચક્ર પરિવર્તિત થયા જ કરે છે. જોકે કાળનો પ્રવાહ અનાદિ-અનંત છે, તોપણ તે વ્યવહાર કાળચક્રના મુખ્ય બે વિભાગ છે : (૧) અવસર્પિણીકાળ અને (૨) ઉત્સર્પિણીકાળ. આ બંને કાળનો દરેકનો સમય દસ ક્રોડાક્રોડી સાગર છે. આમ એક કાળચક્રનો કુલ સમય વીસ ક્રોડાક્રોડી સાગર છે, જેને કલ્પકાળ કહેવામાં આવે છે.

અસંખ્યાત અવસર્પિણી-કાળ વીતી ગયા પછી, એક હુંડાવસર્પિણી કાળ (અતિ નિકૃષ્ટકાળ) આવે છે. હાલ એવો જ હુંડાવસર્પિણી કાળનો પાંચમો આરો અત્રે ચાલુ છે. તેના કુલ એકવીસ હજાર વર્ષમાંથી અત્યારે ૨૫૫૦ વર્ષ થઈ ગયા છે. હજુ ૧૮૪૫૦ વર્ષ બાકી છે. અવસર્પિણીકાળમાં મનુષ્યોના બળ, આયુ અને શરીર આદિનો ક્રમે-ક્રમે ઘટાડો થાય છે, જ્યારે ઉત્સર્પિણીકાળમાં મનુષ્યોના બળ, આયુ અને શરીર આદિનો ક્રમે-ક્રમે વધારો થાય છે. બંને કાળચક્રના દરેકમાં છ પ્રકાર છે.

| (૧) અવસર્પિણી કાળચક્ર | | |
|---|---|---|
| ક્રમ | કાળનું નામ | સમય |
| ૧ | સુષમા-સુષમા (અતિ સુખરૂપ) | ૪ ક્રોડાક્રોડી સાગર |
| ૨ | સુષમા (સુખરૂપ) | ૩ ક્રોડાક્રોડી સાગર |
| ૩ | સુષમા-દુઃષમા (સુખ-દુઃખરૂપ) | ૨ ક્રોડાક્રોડી સાગર |
| ૪ | દુઃષમા-સુષમા (દુઃખ-સુખરૂપ) | ૧ ક્રોડાક્રોડી સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઓછા |
| ૫ | દુઃષમા (દુઃખરૂપ) | ૨૧૦૦૦ વર્ષ |
| ૬ | દુઃષમા-દુઃષમા (અતિ દુઃખરૂપ) | ૨૧૦૦૦ વર્ષ |
| | કુલ | ૧૦ ક્રોડાક્રોડી સાગર |
| | (૨) ઉત્સર્પિણી કાળચક્ર | |
| ક્રમ | કાળનું નામ | સમય |
| ૬ | દુઃષમા-દુઃષમા (અતિ દુઃખરૂપ) | ૨૧૦૦૦ વર્ષ |
| ૫ | દુઃષમા (દુઃખરૂપ) | ૨૧૦૦૦ વર્ષ |
| ૪ | દુઃષમા-સુષમા (દુઃખ-સુખરૂપ) | ૧ ક્રોડાક્રોડી સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઓછા |
| ૩ | સુષમા-દુઃષમા (સુખ-દુઃખરૂપ) | ૨ ક્રોડાક્રોડી સાગર |
| ૨ | સુષમા (સુખરૂપ) | ૩ ક્રોડાક્રોડી સાગર |
| ૧ | સુષમા-સુષમા (અતિ સુખરૂપ) | ૪ ક્રોડાક્રોડી સાગર |
| | કુલ | ૧૦ ક્રોડાક્રોડી સાગર |

## છ દ્રવ્ય

જીવ | પુદ્ગલ | ધર્માસ્તિકાય | અધર્માસ્તિકાય | આકાશ | કાળ

## પૃથક્ (અલગ)

**પૃથક્ત્વ**
પ્રદેશ ભિન્ન
દૃષ્ટાંત : બે જુદાં દ્રવ્ય

**અન્યત્વ**
એક પ્રદેશ હોવા છતાં પણ સંજ્ઞા,
કાર્યથી ભિન્ન (દા.ત. : ગુણ-ગુણી)

## સાત તત્ત્વ

- જીવ
- અજીવ
- આસ્રવ
  - પુણ્ય
  - પાપ
- સંવર
- નિર્જરા
- બંધ
- મોક્ષ

## ઉપયોગ

(જીવના ચૈતન્ય ગુણના પરિણામ (પર્યાય)ને ઉપયોગ કહે છે )

**દર્શન**
ચક્ષુ | અચક્ષુ | અવધિ | કેવળ

**જ્ઞાન**
મતિ | શ્રુત | અવધિ | મનઃપર્યય | કેવળ | કુમતિ | કુશ્રુત | કુઅવધિ

## સમય

**સ્વસમય**

જે શાસ્ત્રજ્ઞાન અને સ્વાનુભવથી માને છે કે—

૧) દરેક દ્રવ્ય સત્ છે

૨) દરેક દ્રવ્ય સ્વયંસિદ્ધ, સહજ, અહેતુક છે.

૩) દરેક દ્રવ્ય ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય પોતાથી જ થાય છે

૪) એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ ન કરે
દરેક દ્રવ્ય સ્વતંત્ર અને પરિપૂર્ણ છે.

૫) હું મનુષ્ય અર્થાત્ જીવ અને પુદ્ગલની વિભાવિક પર્યાય
નથી પણ એક (જીવ) આત્મા જ છું.

૬) હું મોક્ષસ્વરૂપ, સિદ્ધસ્વરૂપ છું અને
અન્ય આત્માઓ પણ સિદ્ધ સમાન છે.

**પરસમય**

જે અજ્ઞાનથી સ્વસમય ન
માને તે પરસમય છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

✾ **જ્ઞાનવૈભવ-પ્રકાશન વાર્ષિક દિવસ** :—'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ શ્રાવણ વદ-૧૪, તા. ૨૨-૮-૨૦૨૫ શુક્રવારના દિવસે છે. આ દિવસે બહેનશ્રીના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

✾ **દશલક્ષણપર્યુષણ પર્વ** :—ભાદરવા સુદ ૫, ગુરુવાર તા. ૨૮-૮-૨૦૨૫ થી શનિવાર તા. ૬-૯-૨૦૨૫ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુપણ પર્વ શ્રી દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એ જ રીતે તા. ૫-૯-૨૦૨૫ શુક્રવારથી તા. ૭-૯-૨૦૨૫ રવિવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

✾ **ઉત્તમ ક્ષમાવણી પર્વ** :—ભાદરવા વદ-૧, સોમવાર તા. ૮-૯-૨૦૨૫ના દિવસે ક્ષમાવણી પર્વ સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

### ✾ મંગલ પત્રિકાલેખન વિધિ ✾

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૧૧૨મો જન્મોત્સવ શ્રી બૃહદ મુંબઈ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા ઊજવવામાં આવનાર છે તેની નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૬-૭-૨૦૨૫ રવિવારના દિવસે સુવર્ણપુરી (સોનગઢ)માં વિવિધ મુમુક્ષુમંડળોના સભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. સવારે નંદીશ્વર જિનાલયમાં અષ્ટાહ્નિકા પૂજન પછી સર્વે મુમુક્ષુઓ આત્માર્થી શ્રી વિપુલભાઈ શાંતિલાલ મોદીના નિવાસસ્થાને ગયા હતા ત્યાં ભક્તિસહ પત્રિકાની વધાઈ કરવામાં આવી ત્યારબાદ વાજતે-ગાજતે ભક્તિપૂર્વક નિમંત્રણ-પત્રિકાને બહેનશ્રીના નિવાસસ્થાને થઈને પરમાગમમંદિર લાવવામાં આવી. આ પ્રસંગે પરમાગમમંદિરને વિશેષરૂપે સજાવવામાં આવ્યું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન પછી નિમંત્રણપત્રિકાનું વાંચન શ્રી નિશાંતભાઈ વિપુલભાઈ મોદી, ઘાટકોપર દ્વારા કરવામાં આવ્યું. પશ્ચાત્ પત્રિકા-લેખન વિધિ ભક્તિમય વાતાવરણમાં સાનંદ સંપન્ન થઈ. આ પત્રિકા લેખનના સૌજન્યનો લાભ આત્માર્થી શ્રી વિપુલભાઈ શાંતિલાલ મોદી પરિવાર, ઘાટકોપરને મળ્યો હતો આ પ્રસંગે સોનગઢ ટ્રસ્ટના ટ્રસ્ટીગણ તથા બહારગામથી ઘણા મુમુક્ષુઓ પધાર્યા હતા.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● આત્મા ચિદાનંદમૂર્તિ છે. તેની રુચિ કરીને અને રાગની-વ્યવહારની રુચિ છોડીને જે ક્ષણે આત્માના આનંદનો અનુભવ થાય તે નિશ્ચય રત્નત્રય છે. વચ્ચે શુભરાગ આવતાં ભગવાનની પ્રતિમાનું બહુમાન-ભક્તિ આવે છે કેમકે સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રા દેખી પોતે પોતાના સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે છે. મારો આત્મા રાગથી કે પરથી અનુભવમાં આવે તેવો નથી. પણ જ્ઞાનથી જ સ્વસંવેદનમાં આવે તેવો છે. એવા ભાન સહિત ભગવાનની વીતરાગમુદ્રા દેખીને પોતે તેનો વિચાર કરે છે. અહો ! આ સ્વસંવેદન વડે રાગ ટાળીને ભગવાન ચિદ્બિંબ-જિનબિંબ અક્રિય વીતરાગ થયા. મારું સ્વરૂપ પણ તેવું જ ચિદ્બિંબ-જિનબિંબ છે. ૭૦૧.

● અરે જીવો ! ઠરી જાઓ....ઉપશમરસમાં ડૂબી જાઓ ! એમ જાણે કે ભગવાનની પ્રતિમા ઉપદેશતી હોય ! માટે સ્થાપના પણ પરમપૂજ્ય છે. ત્રણ લોકમાં શાશ્વત વીતરાગ મુદ્રિત જિનપ્રતિમા છે. જેમ લોક અનાદિ અકૃત્રિમ છે. લોકમાં સર્વજ્ઞ પણ અનાદિથી છે, તેમ લોકમાં સર્વજ્ઞ વીતરાગ પ્રતિમા અકૃત્રિમ શાશ્વત છે. જેણે આવા પ્રતિમાજીની સ્થાપનાને ઉડાડી છે તે ધર્મને સમજ્યા નથી. ધર્મી જીવને પણ ભગવાનના જિનબિંબ પ્રત્યે ભક્તિનો ભાવ આવે છે. ૭૦૩.

● સ્વભાવની સન્મુખતાની શાંતિ વડે કષાયની અગ્નિ બુઝાય છે. વર્ષામાં અગ્નિ ઠરી જાય છે. તેમ ભગવાને સ્વસન્મુખી મોક્ષમાર્ગની વર્ષા કરી, તે જ સંસારનો દાવાનળ ઓલવવાનું સાધન છે. અંતર સ્વભાવની સન્મુખતા થતાં શાંતિરૂપી જળની વર્ષા વડે અનાદિના સંસાર દાવાનળનો નાશ થાય છે. ૭૦૪.

● ઈષ્ટ-અનિષ્ટપણું જ્ઞાનમાં નથી તેમ જ જ્ઞેયમાં પણ નથી. આ કસ્તૂરી છે માટે ઈષ્ટ છે, આ વિષ્ટા છે માટે અનિષ્ટ, એમ ઈષ્ટ-અનિષ્ટપણું કરવું તે જ્ઞાનનો સ્વભાવ નથી. તેમ જ જ્ઞેયોનો પણ એવો સ્વભાવ નથી. ૭૦૫.

● પ્રશ્ન :—જ્ઞાન હેય-ઉપાદેય કરે છે ને ?

સમાધાન :—ચારિત્રની અપેક્ષાએ ઉપચાર આવે છે. જ્ઞાન તો માત્ર બધાને જાણે છે. પરને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે કારણ કે પરમાં તન્મય થયા વિના જાણે છે. ૭૦૬.

આત્મધર્મ
ઓગસ્ટ-૨૦૨૫
અંક-૧૨ ● વર્ષ-૧૯

Posted at Songadh PO
Publish on 1-8-2025
Posted on 1-8-2025

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org